દરયાએ ગંમ.

એટલે

ગમનો દરયા.

જેની અંદર
આકા ઇમામે હુસેન અ૦ વી૦ ની મુસીબતોની પાંચ મજલીસ
ગુજરાતી ભાષામાં છે.

છપાવી પ્રગટ કરનાર

હાજી ગુલામઅંલી હાજી ઈસમાઇલ.

અખ્બારતી "નાહેનજાત" બાગેનજાત" અને "નુરેઇમાન."
તફસીર, હદીકએ શીઆહ, ઝાદુસ્સાલેહીન વી૦ વી૦ ના કર્તા.

અહેમદઆબાદ-ઠે૦ પાંચપટ્ટી.

કીંમત પોસ્ટેજ સુધા સાડા ત્રણ આના આફ્રીકા ચાર આના.

તા૦ ૧૧ મી માહે ઝીલહજ સન ૧૩૨૬ હી૦

સન ૧૯૦૮ ઇસવી, સંવત ૧૯૬૫ વી૦

ઇસ્નાઅશરી પ્રીન્ટીંગ પ્રેસ.
અમદાવાદ, પાંચપટ્ટી.

કુરઆને શરીફ... ૭

તફસીર.

આપણને અરધી રાતના ટેલીગ્રાફ આવે છે તો જ્યા સુધી તે વંચાવીને તેના ઉપર અમલ ન કરીએ ત્યા સુધી ચૈન પડતું નથી તો આપણા માલીકો મુખ્તારનું ફરમાન જેને "કલામે ખુદા" કહીએ છીએ તેમા શુ શું અને કેવી કેવી બાબતો છે તે જાણવાથી અજાણ રહેવું બને ખરૂં ? પણ જ્યારે આપણામાં અરબી, ફારસી ઇલમ નથી, ઉરદુ પણ થોડા જણ જાણે છે તેથી કુરઆને શરીફના માયના સમજવાથી મહરૂમ રહે છે, તેથીજ અમોએ ખુદાના ફઝલો કરમથી ગુજરાતી ભાષામાં કુરઆને શરીફની તફસીર એવી ગોઠવણથી છાપી છે કે અરબી વાચી શકે તેના માટે અરબી આયતો, અરબી વાંચી ન શકે તેના માટે તેનીજ પછળ ગુજરાતી મોટા ઉંચા હરફોમાં આયતો છે, વળી શબ્દી તરજુમો સમજવો હોય તેના માટે દરેક શબ્દ નીચે તરજુમો અને ખુલાસો જાણવા હોય તો તફસીર અને તાવીલ અને અહલેબૈત અ૦ની ફઝીલત વી૦ વી૦થી ભરપુર છે જે વિશે વધારે ખુલાસો લખવાની જરૂરત નથી કેમકે તે ઘણે ઠેકાણે પોહચી ચુકી છે અને બીરાદરોના ઘર તેમજ દીલને નુરાની આયતોને રોશન કરી ચુકી છે, કરબલા, લખનઉ, હૈદરાબાદ વી૦ ના મ્હોટા મ્હોટા આલીમોની નજરથી ગુજરી ચુકી છે તેઓએ સાંભળીને ઘણા સારા સરટીફીકેટ આપ્યા છે જેમાના ઘણે ભાગે છપાઇ ચુકયા છે, તેમા મોટા ૨૬૦૦ પેજ છે, પાકા પુઠની દસ દસ માપરાની ૩ જીલદ છે દરેક ભાગના રૂ ૧૦ ત્રણે જીલદના રૂ ૩૦ આફરેકા તરફ ૩ ભાગ જઇ ન શકવાથી પાચ ભાગ કર્યા છે પોસ્ટેજ વી૦ પાચે ભાગના રૂ. ૩૪ હવે આવી નેઅમતે ઊઝમાથી મહરૂમ રહેવું જોઇએ નહીં પછી દરેકની મરજી ઉપર આધાર છે.

ઝરાડા

ખાસ હરણના ...

લખેલું ઉમદા તાવીજ.

તમામ બીમારીઓથી બચવા, જાદુ થવા, જીન પરીથી બચવા, કોલેરા અને વબા અમાનમા રહેવા, હમલને ખલલ ન પહોચવા આપવા, બચ્ચાઓને થતી બીમારીઓ તેઓનુ ખરાબ જવું, સસણી દુર થવા, અને માન ઇજ્જતમાં વધારો થવા માટે આ તાવીજ બહુજ જલદી અસર અને ફાયદો કરનાર છે.

આ તાવીજ છાપેલું નથી બલકે ખાસ મોઅમીન શીઆહ ઇસ્નાઅશરી દીનદાર અને પરહેઝગારના હાથે લખાએલું છે.

તાવીજની કીંમત પોસ્ટેજ રજીસ્ટર સુધાં. નંબર ૧ ના રૂ. ૫ નંબર ૨ ના રૂ. ૨॥

બન્ને તાવીજમા દોઆ કસમ નકશ વી૦ એકજ જાતના છે, ફક્ત ચામડા અને લખાણની સફાઇ અને ખુબસુરતીમા ફેરફાર છે. જમણે હાથે અથવા ગળામા મીનુ વી૦ માં પેક કરીને અથવા તાવીજમા રાખીને બાધવુ.

અરબી તથા ગુજરાતી કુરઆને શરીફ, ગુજરાતી તરજુમા સાથે.

કુરઆને શરીફની ગુજરાતી તફસીર જેઓએ જોઇ હશે તેઓ જાણતા હશે કે તેમા કુરઆને શરીફ અરબી મોટા અને ખુશખત (રૂપાળા) હરફોમા છે, તેમજ તેની પછળ ગુજરાતી આયતોના હરફ પણ બહુજ ખુબસુરત અને મોટા છે અને તેની નીચે ગુજરાતીમા તરજુમો છે, કાગળ સારા અને જાડ છે, તે કુરઆને શરીફનો બીજાઓના પ્રમાણમા હદીયો પંદર રૂપીઆ જુવે, પણ અમોએ ફકત દસ રૂપીઆ રાખ્યા છે, હીંદુસ્તાનનું પોસ્ટેજ એક રૂપીઓ, અને આફરીકાના બે રૂપીઆ, વકફ કરવા ખાત્રી નકલ લેનારે પત્ર લખી બંદોબસ્ત કરવો ઇ૦ કીફાયત થશે.

દરયાએ ગંમ.

એટલે

ગમનો દરયા.

બિસમિલ્લાહિર રહેંમાનિર રહીમ.

અલ્હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા ખયરે ખલ્કેહી મોહમ્મદિન વઆલેહિ તૈય્યેબીન ત્તાહેરીનલ મઅસુમીનલ મઝલુમીન, વલઅનતુલ્લાહે અલા અઅદાએહિમ અજમઇન એલા યવમિદ્દીન.

બીરાદરાને ઇમાની અને અખિલ્લાએ રૂહાનીની ખીદમતમાં ખાકસાર ઉમ્મેદવારે રહમતે ગફ્ફાર હાજી ગુલામઅલી હાજી ઈસમાઇલ અરજ કરે છે કે મજલીસોમાં પડવા માટે ઊરદુ શીરીન ઝબાનમાં ચહારદા માઅસુમ અ૦ ના ફ્ઝાએલ અને મસાએબની રીવાયતોની અને જનાબે ઇમામે હુસયન અ૦ અને તેઓના ભાઇ ભતીજા અસહાબ વિગેરેની શહાદતની રીવાયનો લખીને ૪૦ મજલીસની એક કીતાબ છપાવેલ તે ખલાસ થવાથી ૫૦ મજલીસની બહરૂલ મસાએબ નામની કીતાબ છપાવી, હવે કેટલાંક સાહેબોની ખાહીશ છે કે મજલીસમાં પડવાની મજલીસો અને રીવાયતોની કીતાબોમાં ઉરદુ ભષા છે તે ગુજરાતી ભાષામાં હોય તો બાઇયો વી૦ ને સમજ પડે. તેથી હાલ મોહરરમને ટાંકણે ફ્કત પાંચ મજલીસની આ કીતાબ ગુજરાતી ભાષામાં નમુના તરીકે તૈયાર કરી તેની કીંમત પોસ્ટેજ સુધ્ધાં સાડા ત્રણ આન, અને આફ્રીકાવાળા પાસેથી ચાર આના રાખ્યા છે. તા૦ ૧૪ મી ઝીલહજ, સન ૧૩૨૬ હી૦

જો બીરાદરોને પસંદ પડશે અને બસો કીતાબના ખરીદાર થશે તો ચાળીસ મજલીસની એજ ઢમની કીતાબ છપાવી રૂ ૧॥ કીંમત રાખીશું, અને આ નમુનો લીધો હશે તેઓ માટે નમુનો અને ભેટ ગણીને ત્રણ આના મજરે આપીશું.

મજલીસ ૧ લી.

મોઅમીનની સીફાતો વી૦ અને મુસલીમ બીન અવસજા અને હબીબ ઈબને મઝાહીરની મુલાકાત, અને ઝઈફીમાં આકાની મદદે જવું, અને જ૦ હબીબના તથા આકા ઈમામે હુસેન અં૦ના સર મુબારકનો અજાએબ મુસીબત ભરેલો અહવાલ.

" હક સુબહાનહુ તઆલા સુરએ અનફાલમાં " મોઅમેનોની સીફતો બયાન કરે છે, ખરેખર મોઅમીન એ લોક છે કે જયારે તેઓની સામે હક૦ તઆલાનું નામ લેવામાં આવે છે ત્યારે તેઓનું દીલ ખુદાના ખૌફથી ધરૂજે છે, અને જે વખતે તેઓની રૂબરૂ તેના કલામ એટલે કુરઆન પડવામાં આવે છે તો એ લોકોનું ઇમાન વધે છે, અને એ લોકો એ છે કે હરેક બાબ૦ તમાં પોતાના પરવરદીગાર ઉપર ભરોંસો રાખે છે અને હરેક વખતે તેનાથી ઉમેદ રાખે છે.

અને મોઅમેનીનની સીફતોમાં " હકતઆલા " ફરમાવે છે કે જે લોક નમાઝ પડે છે અને રોઝક તથા રોઝી તેઓને મળે છે તે અમારી રાહમાં ખરચે છે તેઓ ખરેખર કામીલ ઇમાનના મોઅમીન છે, તેઓને માટે ખુદા પાસે મોટા દરજા છે, અને તેઓનેજ માટે જન્નતની નેઅમતો છે.

" સાહેબે તફસીરે મનહજુસ્સાદેકીન " લખે છે કે કોઇ શખસે હસન બસરીને પુછયું કે તું મોઅમીન છો કે નહી ? તેણે કહ્યું ઇમાન બે જાતના છે, એક ઇમાન " ખુદા, અંબીયા અને મલાએકા " સાથે, બીજું ઇમાન કુરઆન, જન્નત, દોઝખ અને સવાબ તથા અઝાબની સચ્ચાઇ સાથે, તો એ તરીકા પ્રમાણે તો અલબત્તા હું મોઅમીન છું, અને અગર તારો ખાસ મતલબ આ આયતનો છે તો હરગીઝ હું એ લોકોમાં દાખલ નથી.

અગર મોઅમેનીન બારીક ખ્યાલથી જુએ તો આ આયતની કામીલ ખરેખર એ બુઝરગવારો હતા કે જેઓએ કરબલાના મયદાનમાં " હ૦ ઇમામે હુસયન " અ૦ ઉપર પોતાની જાનો કુરબાન કરી.

કામીલ ઇમાનવાળા તેઓ કહેવાય છે, અને દીનદારીના માયના એ છે કે કોઇ મુસીબત અને બલાના વખતે પોતાના આકા જનાબે " સય્યદુશ્શોહદા " અ૦ નો સાથ છોડયો નહીં, દરેક વખતે શરીક રહ્યા, દોસ્તીમાં વતન છોડયું, મુસાફરી ઇખતીયાર કરી, ત્રણ દીવસ સુધી ભુખ્યા તરશ્યા રહયા, છેવટે તલવારથી ટુંડા ટુકડા થઇને હઝરતના કદમ ઉપર કુરબાન થઇ ગયાં, સુબહાનલ્લાહ જનાબે સય્યદુશ્શોહદાના અસહાબો કેવા કેવા બહાદુર અને વફાદાર હતા કે અગર તેઓની તારીફ લખવામાં આવે તો મોટી કીતાબમાં પણ પુરી થાય નહીં.

" મુસલીમ બીન અવસજા તથા હબીબ બીન મઝાહર " નો ટુંકમાં હાલ લખવામાં આવે છે. " અનવારૂશ શહાદાહ વો૦ માં મનકુલ છે કે મુસલીમ બીન અવસજા ઇસલામીઓમાંના આલીમ હતા, તેમની ઉમ્મર નેવું વરસની થઇ હતી, અને હબીબ બીન મઝાહેર ફકીહ તથા કુરઆનના કારી હતા અને તેમની ઉમર ત્રાશી વરસની હતી, એ બંને બુઝરગવાર જનાબે રસુલે ખુદા સ૦ તથા હ૦ અમીરૂલ મોઅમેનીન અ૦ ની ખીદમતમાં રહેલા હતા. અને જનાબે અમીર અ૦ ના અસહાબોમાં તેઓ વધારે ભરોંસાવાળા હતા, અને તેઓના એવા મરતબા હતા કે હઝરત તેઓને ભાઇ શબ્દથી બોલાવતા હતા, અને તેઓને ખાનદાને રીસાલત તેમાં પણ ખાસ કરીને જનાબે સય્યદુશ્શોહદા અ૦ સાથે જે મોહબ્બત અને ઇમાનદારી હતી તે તમામ જાણે છે, કેવી રીતે કરબલાના મયદાનમાં પોતાના આકા ઉપર કુરબાન થઇ ગયા એટલે સુધી કે ઝઇફીને લીધે સીધું ઉભું રહી નહીં શકાતું હતું, એવી પાક નીય્યત હતી કે જુવાન કરતાં પણ વધીને કામ બજાવ્યું, ઇમામ અ૦ વતન છોડયાની ખબર સાંભળતાંજ હોશ ઉડી ગયા કે ઘરબાર તથા સગાં વહાલા તમામને મુકી આપ્યા, અને એકદમ એવી રીતે કુફાથી બહાર નીકળ્યા કે પાછા જીવતા ન આવ્યા, અને આવ્યા તોપણ તેઓના ધડ વીનાના સર ઇમામ અ૦ ના સર સાથે ભાલાની અણી ઉપર રખાયેલા આવ્યા, જતી વખતનો હાલ અને આવવા વખતનો દેખાવનો ખ્યાલ કરતાં દીલ ટુકડા ટુકડા થાય છે.

હબીબ બીન મઝાહીર કહે છે કે જદે રસુલુસ્સકલયન જનાબે ઇમામે હુસયન અ૦ ને ખાનએ કાઅબામાં પણ પનાહ ન મળી, અને એ જનાબ આપના અહલે હરમ તથા નાના નાના બચ્ચાઓને સાથે લઇને ગરમીના દીવસોમાં જંગલો અને પહાડોનો રસ્તો કાપતાં કાપતાં કરબલાના મયદાનમાં આવી પહોંચ્યા તે દીવસે માં હું કુફામાં હતો અને જોતો હતો કે નજીક અને

છટે છટેથી ફોજ ઉપર ફોજ કુફામાં આવે છે, અને ઇબ્નેઝીયાદ પાસેથી નાણું અને પોશાક લઇ લઇને રાત દીવસે કરબલાની તરફ રવાના થઇ જાય છે, બજારમાં ચારે તરફ લુવારોની દુકાન ઉપર લોકોની ઠઠ છે, કોઇ નેઝા સજાવી રહ્યું છે, કોઇ તલવારો સજાવી રહ્યા છે, કોઇ ભાલા તથા ખંજરને ઝેર પાય છે, એવો દેખાવ જોઇને દીન બદીન મારા દીલનો જોશ વધતો જતો હતો, એવું તો જાણવામાં હતું કે ફરઝંદે રસુલથી જમાનો ફરી ગયો છે, આપનેજ માટે એ લશકર એકઠું થઇ રહ્યું છે ખરેખર લડાઇ થશે, પણ એવી ખબર નહુતી કે કયે દીવસે લડાઇ થશે, એવું ન બને કે ત્યાં સુધીમાં હું ઇમામ અ૦ ની ખીદમતમાં પહોંચી ન શકું અને જાન કુરબાન કરવાથી બે નસીબ રહી જાઉં.

એ વખતે ચારે તરફથી રસ્તા બંધ હતા તેથી પોતાની ઝઇફીનો સબબથી એકલું જવું મુનાસબ નહીં જાણતા હતા, એવુંજ ચાહતા હતા કે કોઇ દોસ્ત મળી જાય તો સાથે સાથે કોઇ રીતે હઝરતની પાસે પહોંચવાનો રસ્તો મળી આવે. એક દીવસ એજ ગમ અને સદમામાં બજાર તરફ જતા હતા ત્યાં એક દુકાન ઉપર, “ મુસલીમ બીન અવસજા ” ને ઉભેલા જોયા કે દાઢી રંગવા માટે ખીઝાબ ખરીદે છે, મેં પાસે જઇને સલામ કરી અને પુછયું એ ભાઇ શું કરી રહ્યા છો? તેઓએ કહ્યું મેંહદી ખરીદ કરૂં છું કારણકે બુઢાપાને લીધે દાઢી સફેદ થઇ ગઇ છે, શું ખબર કે કયારે મોત આવશે? માટે ચાહુંછુ કે દાઢી રંગી લઉં કે જયારે ખુદાની મુલાકાત કરૂં ત્યારે જાહેર થાય કે હ૦ નબી સ૦ ના તરીકા ઉપર અમલ કરીને આવ્યો છું.

રાવી કહે છે એવું સાંભળતાંજ હબીબ બીન મઝાહીરે બે ઇખતીયાર થઇને નીસ્વાસ નાખી આહ કરી, અને કહેવા લાગ્યા મહેંદી ખરીદીને શું કરશો ? તમોને ખબર નથી કે આ દીવસોમાં શહરમાં શું થાય છે? મુસલીમ બીન અવસજાએ કહ્યુ ઘડપણને લીધે ઘરની બાહેર ઘણુજ થોડું નીકળું છું, અને કાંઇ ખબર નથી તમો કહો શું ખબર છે ? તેઓએ કહ્યું એ ખબર છે કે ગમ અને સદમાને લીધે બયાન થઇ શકતું નથી, અફસોસ ફરઝદે રસુલ સ૦ ઉપર દુશમનોની ચડાઇ છે અને આપને કરબલામાં ફોજે ઘેરી લીધા છે, અફસોસ છે કે એવે વખતે જાન કુરબાન કરવા માટે અમો હાજર ન હોઇએ. એ ભાઇ આવો આપણે સાથે ઇમામ અ૦ નો ખીદમતમાં જઇએ, અને આ ઝઇફીમાં મોત આવવા પહેલાં આપણે મોતની તરફ જલદી જઇએ, મુસલીમે એવી ખબર સાંભળી તેથી ઝઇફીની હાલત તેમજ ગમને લીધે વધારે અશકત થઈ ગયા, અને ઇમામ અ૦ ની ગુરબત તથા લાચારી માટે ઝાઝીવાર સુધી રડયા, તેઓનો ચહેરો ઘડપણ અને સદમાને લીધે પીળો થઇ ગયો હતો પણ તે વખતે શુજાઅતના જોશમા જાન કુરબાન કરવાના શોખમાં લાલ બની

ગયો, અને કહેવા લાગ્યા અએ ભાઇ ખુદા તમોને જઝાએ ખયર આપે કે અવા નેક કામ ઉપર મને તૈયાર કરયો.

હાંસલ કલામ એ બન્ને શહાદત મેળવવાના આશીકો હીમ્મતની કમર બાંધીને છુપી રીતે શહર બાહેર આવ્યા અને પોત પોતાના ઘોડા ઉપર સ્વાર થઇને કરબલા તરફ રવાના થયા, અને જયારે એ જગ્યા ઉપર પહોંચ્યા ત્યારે જોયું કે દુશમનોની ફોજથી એ આફતનું મયદાન ભરાઇ ગયું છે, નદીને કીનારે કાળા વાદળાની માફક દીનના દુશમનો પથરાઇ ગીએલા છે, અને મયદાનના એક ખુણામાં ગરમ રેતીની જગ્યા ઉપર હુસ-યનીઓના ખયમા નખાયેલા છે, અને એ જનાબ આપના કેટલાએક કુટુંબીઓ અને અસહાબોને સાથે લઇ ખયમાઓથી જુદા ઉભા છે.

ઇબને મઝાહીર તથા ઇબને અવસજાએ પોતાના આકાને જયારે છેટેથી જોયા ત્યારે તેજ વખતે પોતાના ઘોડાઓ ઉપરથી નીચે ઉતરી પડયાં અને ત્યાંથી પગે ચાલતા ચાલતાં ઇમામ અ૦ ની પાસે આવ્યા અને અદબ તથા સલામ બજાવી લાવ્યા, હઝરતે સલામનો જવાબ આપી ફરમાવ્યું હલ અન્ત માલના અમ અલયના એટલ અએ હબીબ અએ મુસલીમ તમો અમારી મદદ કરવા આવ્યાછો કે એ દુશમનોની પેઠે અમારાથી લડવા માટે આવ્યા છો? તેઓએ અરજ કરી યબ્ન રસુલલ્લાહ બેઅબી અન્ત વઉમ્મી એટલે અએ ફરઝંદે રસુલ સ૦ અમારા માબાપ આપ ઉપરથી કુરબાન થઇ જાય અમો આપના ઉપર અમારી જાનો કુરબાન કરવા આવ્યા છીએ.

મોઅમેનીન કાયદો છે કે મુસીબતને વખતે જયારે કોઇ કોઇ દોસ્તને જુએ છે ત્યારે પોતાની ગુજરેલી હાલત બયાન કરે છે, હઝરતે પણ આપના પદરે બુઝરગવારના અસહાબ મુસલીમ તથા આપના બચપણના દોસ્ત હબીબને એવા વખતમાં આપના મદદગાર જોયા તેથી ફરમાવ્યું અએ ભાઇ જુઓ છો કે કુફીઓએ અમારી સાથે કેવો સુલુક કરયો અને કેવી ખરાબ બાબતનો ઇરાદો રાખે છે? અમારા હકમાં હ૦ રસુલે ખુદા સ૦ ની પણ કાંઇ હુરમત કરી નહીં, ઇસલામની હુરમતને પણ બરબાદ કરી નાખી, પહેલે અમોને મેહમાન બોલાવ્યા જયારે હું બાંહીં અહલેબ-યતને લઇને આવ્યો ત્યારે મેહમાની કરવાને બદલે તમામ જણ જાનના દુશમન થઇ ગયા, મેહમાની કેવી બલા થઇ પડી કે પાણી પણ બંધ કરી દીધું છે, નાના નાના બચ્ચાં જે અમારી સાથે છે તેઓ તરશને લીધે

ગશમાં આવી જાય છે, જ્યારે ગશમાંથી ચોંકી પડે છે તો પાછા વાઅત-શાહની ફરીયાદ કરે છે, એવું ફરમાવીને હઝરત એવા ઝાર ઝાર રડયા કે રોતા રોતા ગળુ મુબારક રૂંધાઇ ગયું અને કાંઇ ફરમાવી શકયા નહીં, હબીબ તથા મુસલીમ તથા તમામ જણ આપની ખીદમતમાં હાજર થયેલા બેઇખ્તીયાર થઇને રડવા લાગ્યા.

રાવી કહે છે કે આશુરાના દીવસે જ્યારે લડાઇનો બજાર તેજ થયો, અને હઝરતના અસહાઓ વારા ફરતી શહાદતનો દરજો હાંસીલ કરી ચુકયા અને હબીબ તથા મુસલીમનો વારો આવ્યો ત્યારે મેં જોયું કે એ બન્ને બુઝરગવારો બુઢાપાની હાલતમા લડાઇ માટે એવા આશકે છે અને જવાનો જેવી હીમ્મત ધરાવે છે કે વારવાર લડાઇના મયદાનની તરફ વધે છે, એક બીજા ઉપર પહેલ કરીને ચાહે છે કે પહેલે અમો લડવા જઇએ, પણ ઈમામ અ૦ ની રજા શીવાય કેવી રીતે જઇ શકે ? ઇરાદો કરીને અટકી જતા હતા.

છેવટે પહેલે મુસલીમ બીન અવસજાએ જહાદ કરવાની રજા મેળવી અને દુશમનોનો સામનો કરી રજઝ પડયા પછી લડવું શુરૂ કર્યું, થોડી વારમાં ઘણા દુશમનોને તલવારથી મારી નાખ્યા, પણ એકલા અને ભુખ પ્યાસની સખતીની હાલતમા એ હજારો દુશમનો સાથે કયાં સુધી લડે ? છેવટે ઝખમાથી ચુર ચુર થઇને ઘોડા ઉપરથી જમીન ઉપર પડી ગયા અને આવાજ આપી **અસ્સલાસો અલયકા યા અબા અબદીલ્લાહ અદરીકની** એટલે અએ ફરઝદે રસુલ મેં મારી અદના જાન આપના ઉપર કુરબાન કરી મારા છેલ્લા સલામ કબુલ થાય, આ વખતે એટલી ઉમેદ છે કે પાછી આપના કદમ મુબારકની ઝયારત કરીને દુનીયામાંથી જાઉં, એવો આવાઝ સાંભળીને મઝલુમે કરબલાને અજબ સદમો થયો અને હબીબને સાથે લઇને મુસલીમના માથા તરફ આવ્યા અને ફરમાવ્યું અએ મુસલીમ ખુદા તમારા ઉપર રહેમ કરે કે આવા બુઢાપામાં હ૦ રસુલ સ૦ ની ઝુરીયતની મદદ કરી, તમો આગળથી બેહીશ્તમાં જાઓ, અમો તમામ આગળ પાછળ ચાલ્યા આવીએ છીએ. હબીબ કુફેથી મુસલીમની સાથે આવ્યા હતા તેમોએ જોયું કે અહીંથી મુસલીમનો સથવારો છુટે છે તેથી તેમની જુદાઇના બહુજ અફસાસ અને રંજ થયો, અને રડીને કહ્યું અએ મુસલીમ અગર મને ખાતરી હોત કે તમારી બાદ કેટલા દીવસ હું

રહીશ તો તમને કહેત કે કાંઇ વસીયત કરો એટલે તે બજાવી લાવું, પણ હું જાણું છું કે તમારી પછવાડે હું પણ આવું છું, આ વખતે વસીય્યત કરવાનું શું કહું ? મુસલીમે ગશમાંથી આંખો ઉઘાડીને જોયું અને હસ- રતની નજરથી ઇમામ અ૦ ની તરફ ઇશારો કરીને હબીબને આવાઝથી કહ્યું બીજી તો કાંઇ વસીયત નથી પણ એ વસીયત છે કે ઇમામ અ૦ ની મદદમાં પોતાની જાનને કુરબાન કરવી, અને મરતા દમ સુધી ફરઝંદે રસુલ સ૦ નો દામન હાથમાંથી છોડતા નહીં એવું કહેતા હતા કે મોતનો સેવો કપાળ ઉપર આવી ગયો, અને એ નેકબખ્ત ઇમામ અ૦ ની ખીદ- મતમાંથી પયગમ્બર સ૦ ની પાસે ફીરદૌસે આઅલામાં પહોંચી ગયા.

મનકુલ છે કે હ૦ ઇમામે હુસયન અ૦ ના અસહાબમાંથી જે કોઇ શહીદ થતા હતા તો હબીબ બીન મઝાહીર ગમ અને સદમાને લીધે પરેશાન થતા જતા હતા એટલે સુધી કે જ્યારે મુસલીમ બીન અવસજા શહા- દતનો દરજ્જો હાંસીલ કરી ચુકયા તે વખતે હબીબને પોતાની જીંદગી કડવી થઇ પડી અને રોતા રોતા ઇમામ અ૦ ની ખીદમતમાં હાજર થયા અને અરજ કરી યબ્ન રસુલલ્લાહ અસહાબોના કાફલામાંના જવાનોએ સવારથી કાંઇ ખ્યાલ કરયો નહીં, અમો બુઢાઓને રસ્તામાં મુકી પોતે બે પહોરના પહેલા પોત પોતાની મનઝીલ ઉપર જઇ પહોંચ્યા, હમણા સાથવાળા બુઢ્ઢાઓએ પણ હીમ્મત કરીને પગ આગળ વધાર્યા અને હું મારા બદ તકદીરને લીધે પાછળ રહી ગયો. અએ આકા ઉમેદ રાખુછું કે આ વખતે મારો હાથ પકડો, અને લડાઇની રજા આપો કે આ બુઢો ગુલામ પણ જલદીથી મનઝીલ ઉપર પહોંચી જાય, આ સાંભળીને હઝર- તને જુની દોસ્તીની જુદાઇનો એવો સદમો થયો કે આંસુના ટીપા આંખ્યો- માંથી નીકળીને ગાલ મુબારક ઉપર જારી થયા અને મુસીબતની આવા- ઝથી ફરમાવ્યું જઝાકલ્લાહો ખયરા અએ હબીબ તમારા ઇરાદામાં ખુદા બરકત આપે અને જઝાએખયર અતા કરે, જાઓ મુસલીમની મુલાકાત કરો, અમો પણ નજીકમાં આવી પહોચીએ છીએ.

હબીબે જેવી મરવાની રજા મેળવી તેવી જાણે તેના જીવ વીનાના બદનમા જીવ આવી ગયો, ખુશીના જોશમાં દીલ એવું પ્રફુલ્લિત થયું કે ચેહરાનો રંગ લાલ થઇ ગયો, ખુશીના જોશમાં હઝરતના કદમ મુબારક ઉપર પડી ગયા, અને બોસા આપીને છેલ્લા સલામ બજાવી લાવ્યા, તે પછી લડાઇના મયદાનમાં આવીને જવાનોની પેઠે લડવું શુરૂ કરયું, એટ- લામાં એ દુશમનોના લશકરમાંથી બની તમીમના કબીલામાના કોઇ બદ

બખ્તે હદથી આગળ વધીને હબીબની છાતી ઉપર એવો નેઝો મારયો કે ઘોડા ઉપર ઠેહરી નહીં શકતા બેઇખતીયાર થઇને જમીન ઇપર આવી પડયા, ચાહયું કે પાછા ઉઠીને લડાઇમાં મશગુલ થાય, પણ હસીન બીન નમીર મલઉને ઠેહરવા આપ્યા નહીં અને એવી તલવાર મારી કે તેઓનો નુરાની ચેહરો લોહીથી ભરાઇ ગયો, અને એટલું ખુન નીકળ્યું કે ફરીથી ઉઠવાની શકતી બાકી રહી નહીં, આહ આહ! એવી હાલતમાં બુદ્દલ શકી કે એજ હસીન બીન નમીરે આગળ વધીને તેઓનું સર બદનથી જુદું કરી નાંખ્યું.

એક રીવાયતમાં છે કે ઇમામ અ૦ ની શહાદત બાદ જ્યારે શોહદાઓના સર નેઝાની અણી ઉપર ચડાવીને દુશમનો લઇ ગયા ત્યારે એ તમામ સર સાથે હબીબનું સર પણ હતું કે ઇમામ અ૦ ના પાક સરની સાથે મયદાન અને જંગલોનો રસ્તો કાપતા કાપતા કુફામાં દાખલ થયા અને કુફાથી દમીશ્ક ગયા, અને બીજી રીવાયતમા છે કે હબીબના કાતીલે તેઓનું સર પોતાના ઘોડાની ગરદનમાં લટકાવી લીધું, અને મકકામાં લઇ ગયો.

મનકુલ છે કે હબીબનો એક છોકરો જે બાલીગ પણ નહીં થયો હતો તે મકકામા રહેતો હતો, તેણે પોતાના બાપનું સર એ પ્રમાણે ઘોડાની ગરદનમા લટકતું ખાક તથા લોહીમાં ખરડાએલું બેહાલ જોયું તેવું તેની આખોમા ખુન ભરાઈ આવ્યું અને આગળ વધીને પોતાના બાપના કાતીલને એવી તલવાર મારી કે તેનું સર જમીન ઉપર તડપવા લાગ્યું, અને પોતાના બાપના સરને ઘોડાની ગરદનમાંથી કાઢીને પોતાની છાતી સાથે લગાડયુ અને વારંવાર બોસા આપતો હતો અને બે ઇખતીયાર રોતો હતો, છેવટે એ સરે બુરીદહને ગુસલ કફન આપીને કબરસ્તાનમાં દફન કરી આવ્યું, તે વખતથી એ કબરસ્તાનનું નામ "મકબેરએ રાઅસુલ હબીબ" પડયું.

મોઅમેનીન હબીબના સરનો હાલ તો સાંભળ્યો કે તેના છોકરાએ બાપના કાતીલથી બદલો પણ લીધો અને પોતાના બાપના સરને દફન પણ કરી આવ્યું, પણ અફસોસ એજ હબીબના આકા હબીબે ખુદાના ફરઝંદ હતા, તેઓના સર મુબારકનો અજબ હાલ છે, હબીબનું સર ફકત ઘોડાની ગરદન સાથે લટકેલું હતું, અને ઇમામ અ૦નું સર કોઈવખતે ઘોડાના તોબરામા કોઇ વખતે ઝડની ડાળમા કોઇ વખતે દમીશ્કના દરવાજા ઉપર લટકાવવામાં આવ્યું હતું, કોઇ વખતે તન્નુરમાં કોઇ વખતે પેટીમાં, કોઇ

વખતે યઝીદના ખઝાનામાં બંધ રહ્યું, હબીબનું સર તો કબરસ્તાનમાં દફન થયું, ઇમામ અ૦ ના સર મુબારકના હાલની ખબર નથી કે દફન પણ થયું છે કે નથી થયું, અગર દફન પણ થયું તો કયાં દફન થયું ? હબીબના દીકરાએ પોતાના બાપના સરને દફન કરયું, મઝલુમે કરબલાના બીમાર ફરઝંદને દમીશકના કયદખાનામાંથી છુટકારો થવા વખતે પોતાના બાપનું સર મુબારક જોવા પણ મળયું નહીં.

મનકુલ છે કે યઝીદે કયદ થએલ અહલેબયત અ૦ ના છુટકારાનો હુકમ આપ્યો અને લુંટાયેલા તમામ તબરરૂકાત પાછા મગાવી આપ્યા તે વખતે " બીમારે કરબલાએ " ફરમાવ્યું એ યઝીદ આ વખતે અમો ચાહીએ છીએ કે મારા બાપના સરની ઝીયારત કરીને રૂખસત થઇ લઇએ, તે બેરહમે કહયુ તમારા બાપનું સર તમો કદી જોશો નહીં, એવું સાંભળી હઝરતે ગુસ્સે થઇને ફરમાવ્યું તું જાણે છે કે અમો અમારા બાપથી જુદા છીએ અને જુદાજ રહીશું ? હરગીઝ એમ નથી એમ ફરમાવીને એ હુજરા તરફ કે જેમાં ઇમામ અ૦નું સર મુબારક રાખેલું હતું તે તરફ ઇશારો કરીને કહ્યું " અસ્સલામો અલયક યા અબતાહો " રાવી કહે છે કે ફવરન એ હુજરાનો દરવાજો તેની મેળે ઉઘડી ગયો, દીબા નામના કપડાનો રૂમાલ જેમાં મઝલુમે કરબલાનું સર છુપાવેલું હતું તે પણ જુદો થઇ ગયો અને સુકા હોઠમાંથી આવાઝ આવી " અલયકસ્સલામો યા વલદાહો" એ ફરઝંદ તમારા ઉપર સલામ થાય જાઓ " અલ્લાહ " તમારી હીફાઝત કરવાવાળો છે, મદીનામાં જઇને રવઝએ રસુલ સ૦ ઉપર મારા સલામ પહોંચાડજો, અને અરજ કરજો કે આપની બાદ આપની ઉમ્મતે વફાદારી કરી નહીં, અને ઝુલમ કરવામાં કાંઇ બાકી રાખી નથી, અને હજી સુધી ઝુલમ કરવાથી હાથ ઉઠાવતા નથી, એમ ફરમાવ્યા પછી સર મુબારકમાંથી પાછી આવાઝ આવી નહીં, અને " અહલેબયત " અ૦ માં રોવા પીટવા અને માતમનો આવાઝ બુલંદ થયો.

અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ્ઝાલેમીન.

મજલીસ ૨ જી.

ઈમામે હુસએન અઁ૦ ની મુસીબતપર રોવાનો સવાબ અને તે હઝરતે મોઅઁજીઝાથી એક બુઢીને જીવતી કરવી, અને હઁરમથી વીદાય થવું.

ઇમામે જાઅફરે સાદેક અ૦ ફરમાવ્યું કે તમામના માતમમાં રોવું અને બેકરારી કરવી મકરૂહ છે, પણ અમારા દાદા ઇમામે હુસૈન અ૦ ના ગમમા રોવું અને ગીરયાવઝારી કરવી તેમાં અઝીમ સવાબ છે. " કાલમન ઝોકીરના ઇન્દહુ ફ ફાઝમીન અયનેહી, વલવમીસલ શાસીઝ ઝ.બાબને" એટલે કોઇની સામે અમારી મુસીબતનું બયાન થાય અને તેની આંખોમાંથી માંખના પાંખ જેટલા પણ આંસુ નીકળે તો, " ગફરલ્લાહો ઝોનુબહુ વલવ કાનત મીસલ ઝબદીલ બહર " એટલે અગર દરયાના ફીણ જેટલા તેના ગુનાહ હોય તોપણ ખુદા બખશી આપે.

વળી તેજ બુઝુરગવારે ફરમાવ્યું કે મારા દાદા ઈમામે હુસૈને ફરમાવ્યું છે કે હું એ કુશતએ ગીરયા અને શહીદે રાહે ખુદાછું કે જે મોઅમીનની સામે મારી મુસીબત બયાન થાશે તો જરૂર તે મારી ગરીબી અને બેકસી ઉપર રોશે અને તેનું દીલ ગમગીન થાશે.

યહુયાબીન ઉમ્મુત્તોલ નામનો શખસ બયાન કરે છે કે એક દીવસ હું ઇમામે હુસૈન અ૦ નાં ખીદમતમાં હાજર હતો ત્યાં એક જવાન રોતો રોતો આવ્યો અને અરજ કરી કે યા હઝરત મારી મા ગુજરી ગઇ અને માલ મુકી ગઇ છે, પણ કાંઇ વસાયત કરી નથી.

આ સાંભળીને હઝરતે ફરમાવ્યું કે ઉઠો ચાલો તેને ઘેર જઇએ, પછી તેને ઘરે પહોંચ્યા તો દરવાજા પાસે ઉભા રહીને ખુદાવંદે કરીમની દરબારમાં હાથ ઉચા કરીને દોઆ કરીકે અએ ખુદાવંદા હુકમ ફરમાવ કે આ મોઅમેનાહના બદનમાં રૂહ દાખલ થાય અને તેને જે વસીયત કરવી હોય તે કરે, તો તેજ વખતે તે બાઇ જીવતી થઇ ગઇ અને કલેમએ તયબહ પડતી પડતી ઉઠી, અને બોલી કે યા મવલા મારા ઘરના અંદર તશરીફ લાવો, અને જે ફરમાવવું હોય તે ફરમાવો.

હઝરતે ફરમાવ્યું કે તને જે કાંઇ વસીયત કરવી હોય તે કર, તેણીએ અરજ કરી કે યા હઝરત મારા ત્રીજા ભાગના માલમાં તો તમને ઇખતીયાર છે જે જોઇએ તે કરો, અને અગર મારો છે કરો તમારો ખરો મોહીબ હોયતો બાકીનો તમામ માલ તેને આપો, અને અગર આ તમારાથી ઉલટો હોય તો તેને કાંઇ આપવું નહીં, અને તમામ માલ તમો લઇને જોઇએ તેને આપો, કેમકે મોઅ-મીનના માલમાં બેદીનનો કાંઇ હક નથી એટલું કહીને કહ્યું કે યા હઝરત તમો મારા જનાઝાની નમાઝ પડજો, અને પોતાના હાથ મુબારકથી મને કફન દફન ફરમાવજો એ મુજબ કહીને તે ઓરત ગુજરી ગઈ.

“ફીદાક રૂહી યા હુસએનો વઅતરતા”–“વઅનતા અફીરૂન ફીત્તોરાબે જદીદુન ”

યાઅને અએ મઝલુમે કરબલા તમારી મઝલુમી ઉપર હું અને મારા મા બાપ અને મારી ઓલાદ ફીદા થાય, અફસોસ કેવી બેકસાથી શહીદ થઇને પોતાના લોહીમાં કરબલાની ખાક ઉપર ગલતાન થયા.

મનકુલ છેકે રોઝે આશુરા બે પહોરની બાદ જ્યારે ઈમામે ગરીબ એકલા રહી ગયા અને કોઇ ફીદા થવાવાળું બાકી રહયું નહીં, તો પોતે પોતાની મોત ઉપર કમર બાંધીને આખરી રૂખસત માટે ખએમામાં આવ્યા, અને એક એક બીબી અને બચ્ચાને એવી રીતે રૂખસત કરવા લાગ્યા, જેમકે મરવાવાળો શખશ મરતી વખતે પોતાના બાલબચ્ચાઓને રૂખસત કરે છે કે ફરીને મળવાની ઉમ્મેદ રેહતી નથી. પછી હઝરતે બઆવાઝે બુલંદથી ફરમાવ્યું કે “યા ઝએનબો વ યા ઉમ્મે કુલસમ, વ યા રૂબાબો વ યા સોકયનતો અલયકુન્ના મીન્ની-સ્સલામ ” યાને અએ ઝએનબ, અએ ઉમ્મે કુલસુમ, અએ રૂબાબ અને અએ સકીના અરે તમો સરવે પર મારા તરફથી આખરી સલામ થાય. રાવી કહે છે કે આ મુજબના કેહવાથી અજબ તરેહનો રોવાનો પોકાર થયો, જે બીબા જે જે ઠેકાણે હતી ત્યાંથી ઉઘાડે પગે અને માથે રોતા પીટતી દોડી આવી, કોઇએ ઇમામના ગળામાં હાથ નાખી દીધા અને કોઇ પછાડીયું ખાવા લાગી, અને બચ્ચાંઓ કપડાના છેડા પકડીને બેકરાર થવા લાગ્યા.

આ હાલ જોઇને હઝરત એકએકનું મોહું જોઇને રોતા હતા અને નીચે જોતા હતા અને દીલાસો આપીને સેમજાવતા હતા. તમામ બીબીઓ બે વાલી અને વારીસોમાં કોઇ એવું ન હતું કે ગમગીન ન હોય, પણ તમામ કરતાં વધારે જનાબે ઝએનબ અ૦ અને જનાબે સકીના અ૦ એ બંને બહુજ રોતા અને બેકરાર હતાં, મોઅમેનીન કેમ એ બીબી બહુજ ન રોવે કે જેણે નાનપણથી ચાર બુઝુરગવારનો દાગ ઉપાડયો હોય, એટલે નાનાને રોઇ, માનો ગમ કરયો, બાપના માતમમાં અને ભાઇ હસનની મુસીબતમાં ઘણીજ તકલીફ અને ગમી ઉપાડી હવે હુસેન સીવાય બાજુ કોઈ બાકી નથી તે પણ પરદે-શમાં અને જંગલમાં દુશમનોની ફોજની અંદર ઘેરાઇ ગીએલા બાકી છે તે પણ નાનપણનો સાથ મુકીને મરવા જવા માટે તૈયાર થયાં છે.

હવે હું પુછું કે અએ મોઅમેનીન આકા હુસએનના અઝાદારો જે બહુ-

નને એવો ભાઇ એવા વખતમાં મુકી જાય તે શું કરે અને તેનો કેવો હાલ થાય? એટલોજ વાચાર કરીએ તો રોવા માટે કાફી છે.

ઇમામ હુસેન અને જનાબે ઝએનબ એ ભાઇ બહનની મોહબ્બત દુન્યામાં મશહુર છે, જનાબે ઝએનબ હમેશા પોતાના ભાઇ ઉપર કુરબાન રેહતા હતા, અને કોઇ દીવસ ભાઇથી જુદા થતા નહતા એટલે સુધી કે પોતાના નાનાની કબરમાંનો રોઝો અને ભાઇ હસનની લહદ અને વતન છોડીને ભાઇનો સાથ આપ્યો કે હુસેન એકલા ન જાય, અને પોતાના ફરજંદોને ભાઇ ઉપર કુરબાન કર્યા, હવે શું કરે કે જેથી ભાઇની જાન બચી જાય.

વળી વીચાર કરો કે જે બચ્ચા કે જેની ત્રણ ચાર વરસની ઉમ્મર હોય અને તમામ ઘરની લાડલી હોય તે બાપની પાસે હમેશા લાડ અને નેઅમતમાં રહી અને નેઅમતમાં પળી હોય, અને બાપના ખોળામાં હર વખત સુતી હોય તેને તકદીર હવે બાપથી જુદી કરે છે તેનો કેવો હાલ થયો હશે? કાકા અને ભાઇ તો શહીદ થઇ ચુકયા, અને એક ભાઇ બાકી છે તે બીમાર પડેલ છે તેની જીંદગીના શું ભરોસા? હવે એવી હાલતમાં તે બચ્ચીને કેમ કરીને ચેન પડે? જેટલું રોવે અને તડપે તે વાજબી હતું.

આખર કલામ સરવેને સમજાવી અને સબરના કલામ ફરમાવીને રવાના થયાં, પણ એવી રીતે ચાલ્યા કે રોતા રોતા જનાબે ફાતેમાહ અ૦ ના રૂમાલથી આંખો લુછતા હતા અને પાછળ બીબીઓ અને યતીમ બચ્ચાં હતા તેઓ રોતાં રોતાં "વાસય્યદાહો, વામવલાહો" કરતા કરતા ચાલ્યા જતા હતા. આહ આહ, વા મુસીબતા, હઝરત જયારે ખએમામાંથી બાહેર નીકળ્યા તો ભર્યા ઘરમાંથી જનાઝો નીકળે એ મુજબ કકળાટ અને રોવું પીટણું થઇ પડયું હતું.

જે વખતે ઝુલજનાહની પાસે ગયા તો રકાબ પકડવાવાળું કોઇ ન હતું તેથી તેઓને યાદ કરીને આસમાન તરફ જોયુ, અને એવી રીતે આહ કરી કે જમીને કરબલા હલી ગઈ. હાય અફસોસ આ ઠેકાણે એક એવો કલમો લખું છું કે વાચવા અને સાંભળવા વાળાના દીલ હલી જાય, તે એ કે જનાબે ઝએનબે જોયું કે મારા ભાઇ હુસેન કોઇ રીતથી રહતા નથી અને જાય છે, તો રાઇ રોઇને કહયું કે અએ ભાઇ તમો તો જાઓછો માટે હવે એક વખત જરા મારી પાસે આવી જાઓ!! કેમકે એક હસરત મારા દીલમાં રહી જાય છે, આ સાભળ ને આકા પાછા આવ્યા અને કહયું કે અએ બહન શું કહો છો? ફરમાવ્યુ કે અએ ભાઇ જરા બેઅદબી છે કેમ કરીને કહું? જરા પેહરાણનું બાનીયું ખોલો, આ સાંભળીને મઝલુમે કરબલા પેહરાનનું બોરીયું ખોલીને ઉભા રહયા, જનાબે ઝએનબે પાસે જઇને હઝરતના ગળાને બોસો આપ્યો, આકાએ કહ્યું કે અએ બહન આ શું કરોછો? જવાબ આપ્યો કે અએ ભાઇ આ એ જગ્યા છે કે નાના રસુલે ખુદા સ૦ બોસો આપતા હતા, હવે એ મુબારક જગોની ઝીયારત કયાંથી નસીબ થાશે? હઝરત રોવા લાગ્યા, અને કહયુ કે અએ બહન જરા તમો પણ પાસે આવો, જયારે પાસે ગયા તો

હઝરતે હાથના બાજુ પર બેસો લીધો તો બહને કહયું કે અએ ભાઇ આ શું કરોછો ? જવાબ આપ્યો કે આ એ જગો છે કે થોડી વારમાં મારી બાદ તેને ઝાલીમો દોરીથી બાંધશે, રોવો, રોવો, રોવો, મોઅમેનીન ગમ કરવાનો વખત છે, આહ, આહ, કેવી કેવી મુસીબત, હાંસલ કલામ બહનને રોતી મુકીને ઝુલજનાહ ઉપર બેસીને મએદાનમાં ગયા.

અલા લઅંનતુલ્લાહે અલલ કવમિઝ્ઝાલેમીન.

મજલીસ ૩ જી.

ફીરશ્તા ઈનસાનની હીફાઝત કરે છે, એક ઓરત મરદ તથા તેના ફરઝંદનું ચોરોના હાથથી બચી જવાની હીકાયત, અને કાસીમ લુવારની નકલ, અને ઈમામે હુસયન અ૦ ની શહાદત.

" કાલલ્લાહો તઆલા લહુ મોઅકકેબાતુન મિન બયને યદયહે વમિન ખલ્ફેહી યહફઝુનહુ મિન અમરીલ્લાહે " હક સુબહાનહુ તઆલા સુરએ રઅ-દમાં ઈરશાદ ફરમાવે છે કે બની આદમને માટે કેટલાક ફીરશ્તા મુકરરર છે કે એકની બાદ બીજા આવે છે તે તેની આગળ અને પાછળ ખુદાના હુકમથી હીફાઝત કરે છે. કઅબુલ અખબાર કહે છે કે અગર હકતઆલા ઇનસાનની હીફાઝત માટે ફીરશ્તાઓને મુકરરર નહીં કરતે તો જમીન ઉપરથી તેઓને જીન ઉપાડી જતે. સાહેબે તફસીરે મનહજુસ્સાદેકીન લખે છે કે એક ફીરશ્તો ઇનસાનના હોઠ ઉપર રહે છે તે જે કોઇ મોહમ્મદ અને આલે મોહમ્મદ સ૦ ઉપર દુરૂદ મોકલે છે તે લખી લેછે તે શાવાય બીજું કાંઇ પણ લખતો નથી.

સાહેબે જવાહેરૂલ અખબાર લખે છે કે એક શખસના મકાન ઉપર રાતના વખતે ચોરી કરવા માટે કેટલાએક ચોર ગયા, જયારે મકાનની અંદર દાખલ થયા ત્યારે એ તમામે જોયું કે એક દુધ પીતું બચ્ચું ઝુલામાં સુતું છે

તેથી આપસમાં કહેવા લાગ્યા એવું ન બને કે બચ્ચું રોવા માંડે અને તેના માબાપ જાગી જાય માટે ઝુલાને મકાનની બાહેર રાખી આવ્યો અને માલમતા પણ બાહેર લાવીને એજ જગ્યા ઉપર રાખવા લાગ્યા, જ્યારે તમામ માલ લાવી ચુકયા ત્યારે પણ પાછા એ ખ્યાલથી મકાનની અંદર ગયા કે શાયદ બીજો કાંઇ સામાન રહી ગયો હોય, એટલામાં ઓરત જાગી ગઇ અને છોકરાને જોયો નહીં તેથી પોતાના શવહરને જગાડીને કહેવા લાગી કે છોકરાને શું થયું કયાં છે? પછી બન્ને ઓરત તથા મરદ છોકરાની તપાસ કરવા લાગ્યા, જ્યારે મકાનમાંથી બાહેર આવ્યા તો જોયુ કે એક તરફ છોકરો ઝુલામાં સુતો છે અને એક તરફ ઘરનો તમામ સામાન રાખેલો છે, તેજ વખતે મકાનનું છાપરૂં તથા દીવાલ પડી ગયા, સવારે ધુળ ખોદીને હઠાવી તો જોયું કે કેટલાએક આદમી દબાઇને મરણ પામ્યા છે તેથી સમજ્યા કે એ લોકો અમારો માલ ચોરવા માટે આવ્યા હતા, ખુદાએ એ દુશમનોના હાથથી અમારી અમારા ફરઝંદ તથા અમારા માલની હીફાઝત કરી છે. ખુદાને શુકરનો સીજદો બજાવી લાવ્યા. હઝરાત જેને હકતઆલા હલાક કરવા ચાહે છે તેને કોઇ બચાવી શકતું નથી અને જેને તે બચાવે છે તેને કોઈ હલાક કરી શકતું નથી.

કીતાબે મઝહરૂલ અજાએબમાં મોહમ્મદ કાઝીમ ખુરાસાનીથી મનકુલ છે કે ખુરાસાનના ઇલાકામાં એક ગામડું છે જેને કાખ કહે છે, ત્યાં મોહીબ્બે અહલેબયતે ખયરૂલ અનામ કાસીમ નામનો એક લુવાર રહેતો હતો, ઝઇફીના વખતમાં જનાબે ઇમામે રઝા અ૦ ની ઝીયારત કરવનો તેને શોખ થયો, પછી એક બહુજ ઉમદા ગીલાફ સહીત છરી ઇમામ અ૦ ને નજર કરવા માટે પોતાના હાથે તૈયાર કરી અને તે લઇને કાફલા સાથે રવાના થયો, જ્યારે મશહદે મુકદ્દસ પાંચ કે છ ફરસખ બાકી રહ્યું ત્યારે શોખના જોશમાં કાસીમે ચાહ્યું કે રાતના વખતેજ એકલો સફર કરે કે તેથી જલદી પહોંચી જાય, કાફલાવાળાએ બીલકુલ મના કરી કે આ મનઝીલમાં ઉઝબક નામની કૌમ લુટે છે માટે એકલો જા નહીં, પણ તેણે માન્યું નહીં અને ખુદા ઉપર તવક્કલ કરી અને ઇમામ અ૦ નો વસીલો પકડીને રાતનાજ ચાલ્યો, જ્યારે થોડેક છેટે નીકળી ગયો ત્યારે એવું અંધારૂં થયું કે રસ્તો નહીં દેખાતો હતો, પોતે પણ હયરાન થયો અને ઘોડો પણ પરેશાન થયો, બનવા કાળ એક મુસાફરખાનું જેને સરાએ ઝાઅફરાન કહેતા હતા ત્યાં પહોંચ્યો, એ જગ્યાને ગનીમત સમજીને ત્યાંજ

ઉતર્યો અને નમાઝ તથા વઝીફો પડવા લાગ્યો, કારણ કે તે એકલો હતો, ખોફના લીધે ઉંઘ આવી નહીં એટલે સુધી કે રાત બાકી હતી અને અજવાળી રાત થઇ એટલામાં એક ખુંખાર સ્વાર આવી પહોચ્યો અને કહેવા લાગ્યો અએ અજલ આવી પહોંચેલા તું કોણ છે કયાંથી આવ્યો છો અને કયાં જાય છે ? કાસીમે કહયું કાખથી આવુંછું અને મારા આકા અને ઇમાનની ઝીયારત કરવા માટે જાઉં છું, ઉઝબક મલઉને પુછયું તારી ખુરજીનમાં શું છે ? અને તારો રફીક કોણ છે ? એ દીનદારે જવાબ આપ્યો મારી ખુરજીનમાં આલે રસુલ સ૦ ની મોહબ્બત છે અને મારો રફીક તથા મદદગાર મુશકીલ કુશાની ઇમદાદ છે એવું સાંભળીને એ શકી મોટી બલાની જેમ એ મોઅમીનની પીઠ પાસે આવ્યો અને તેના હાથ પગ બાંધ્યા, કાસીમે બહુજ કહ્યું કે મારી પાસે કપડાની બે જોડી અને આ ઘેડો છે તે લઇ લે અને મને મુકી આપ કે મારા આકાની ઝીયારત મને નસીબ થાય, પણ એ કઠણ દીલવાળાને રહમ આવી નહીં.

હાંસલ કલામ તેને બાંધીને તેની ખુરજીન જોવા લાગ્યો, તેમાંથી બહુજ ઉમદા છરી નીકળી તેથી કહેવા લાગ્યો કે આ છરી કયા બાદશાહના ખઝાનામાંથી ચોરી લાવ્યો છો ? કાસીમે કહ્યું આખી ઉમરમાં મેં મોટી સખતી ઉપાડીને મારા હાથથી ઇમામ અ૦ ને નઝર કરવા માટે બનાવી છે, તું મારા ઉપર ચોરીનું તોહમત મુકે છે ? આ સાંભળી એ મલઉન બહુજ ગુસ્સે થઇને બોલ્યો પહેલે તને આ છુરીની મજા ચખાડવી જરૂર છે એમ કહીને ચાહ્યું કે છરી મીયાનમાંથી કાઢે, પણ સહેલાઇથી ખેંચી શકયો નહી, છેવટે જમણા હાથમાં છરી પકડી અને ડાબા હાથથી મીયાન લીધું અને પોતાના નજીસ પેટ ઉપર રાખીને જરા વધારે નમીને જોર કરવા લાગ્યો, બનવા કાળ છરીની ધાર તેના પેટ તરફ હતી, તો ખેંચતાંજ આખી છરી તેના કાળજા સુધી ઉતરી ગઇ કે તરતજ આંતરડા નીકળી પડયા અને જહન્નમ વાસીલ થઇ ગયો, કાસીમે પોતાને બાંધેલા બંધ કોઇ પણ રીતે છોડીને ખુદાને શુકરનો સીજદો કરયો, પણ હવે એ ફીકર અને અંદેશામાં ગીરફતાર થયો કે સવારના લોકો આવી હાલતમાં જોશે તો મને તેનો કાતીલ સમજીને પકડશે, તો એ શકી જેવી રીતે હયાતીમાં જાનની બલા સમાન હતો તેવી રીતે તેનું મુડદું પણ જાનની આફત થશે એજ વીચાર અને ખ્યાલમાં રાત ગુજરી ગઇ, સવાર પડતાંજ નમાઝ પડીને દોઆ માગવા લાગ્યો અને હ૦ ઇમામે રઝા અ૦ ના વસીલાથી નજાત તલબ કરવા લાગ્યો એટલામાં ઘોડાના ટાંપોની આવાઝ સાંભળવામાં આવી તેથી હું ડરીને છુપી ગયો એટલામાં સ્વારોએ આવાઝ આપી કે કાસીમ ગભરા નહીં અમો આવી પહોંચ્યા, જયારે એ લોકો આવી પહોંચ્યા તો જોયું કે કેટલાએક સ્વાર છે અને તેઓના ઘોડા પરશેવાથી ભીંજાઇ ગયા છે અને

તેઓને પોતાને પણ એવી રીતે દમ ચડી ગયો છે કે વાત કરી શકતા નથી, જરા ઠેહરીને બોલ્યા કે કાસીમ કાખી કયાં છે ? અને એ ઉઝબક મલઉન જીવતો છે કે જહન્નમમાં પહોંચી ગયો ? એ સાંભળી મને દીલસો મળ્યો તેથી મેં બાહેર નીકળીને સલામ કરી, એ તમામે મારા હાથ પગ ચુંમ્યા અને મારી હકીકત સાંભળીને કહેવા લાગ્યા કે અમો લોકો ખાદીમ તથા મુઝાવર છીએ, ખ્વાબમાં ઇમામ અ૦ નો હુકમ થયો કાસીમ કાખી મારી ઝીયારત કરવા માટે આવે છે અને એક ઉમદા છરી મારા બાવરચીખાના માટે નઝર કરવા લાવે છે. ફલાણી જગ્યાએ એક ઉઝબકે ઘેરી લીધો છે માટે જલદી તેની મદદે પહોંચો કે તે મારો મેહમાન છે, અગરચે તમો ત્યાં પહોંચ્યા પહેલા એ બદ બખ્તને હુકતઆલા હલાક કરશે, પણ મહેમાનની ખાતર કરવી જરૂર છે તેને તમારી સાથે મારી પાસે લાવો, તો અએ કાસીમ તારી ઝીયારત અને નઝર કબુલ થઇ, જલદી સ્વાર થઇને ચાલ. હાંસલ કલામ કાસીમ ઝીયારત હાંસીલ કરીને ત્યાંના ઓલમા અને ખાદીમો પાસે પોતાનો અહવાલ લખાવી અને મોહર કરાવીને કાખમાં પાછો આવ્યો અને બાકીની તમામ ઉપર એશ અને આરામમાં ગુજારી.

હઝરાત ખ્યાલ કરવાની અને ખાક ઉડાડવાની જગ્યા છે કે તે એક દીનદાર હતો કે જે કેવા ખાલીસ એઅતેકાદથી ઇમામ અ૦ ને નઝર કરવા માટે છરી બનાવીને લઇ ગયો, અને એક એ બેદીન હતો કે જેણે ઇમામનું ગળું કાપવાની નીય્યતથી છરીઓ તેજ કરી હતી, યઝીદને એક સર નઝર કરવા માટે કેટલી તલવારો તૈયાર કરાવી હતી ? હજારો નેઝા અને તીર ઝેર પાયેલા હતા.

હઝરાત આ રીવાયતથી જાહેર છે કે અશકીયા પોત પોતાના હથીયારો તેજ કરી ઇમામ અ૦ ના કતલ માટે આવ્યા હતા, પણ બીજી રીવાયતથી સાબીત થાય છે કે જે ખંજરથી મઝલુમે કરબલાનું સર મુબારક જુદું થયું તે એવું પાણી વીનાનું હતું કે ગળા મુબારક ઉપર અટકતું અટકતું ચાલતું હતું એટલે સુધી કે સીત્તેર વખત અટકવા પછી સર મુબારક જુદું થયું, અગર ખંજર પાણી વીનાનું નહોત તો પણ ત્રણ દીવસ થયાં જે ગળામાં પાણીનો એક કતરો પણ પહોચ્યો ન હોય તે ગળું પ્યાસને લીધે એવું સુકું થઇ જાય કે વાત કરવી પણ દુશવાર થઇ જાય છે, કેવી રીતે એ ગળા ઉપર ખંજર ફરી શકતું હતું ? આહ આહ ગળું તો સુકુ અને ખંજર પાણી વીનાનું, અને ખંજર નહીં ચાલવાનું એક એ પણ કારણ હતું કે શીમર મલઉનને આવું ભારે ગુનાહનું કામ કરવાથી ખોફ પયદા થયો હતો, વારવાર હાથ ચાલીને અટકી જતો હતો, એ તમામ શીવાય એતો માલુમ છે કે હ૦ ઇમામે હુસયન અ૦ ના નાઝુક ગળા ઉપર પયગમબરે ખુદાસ૦ બોસા

આપ્યા કરતા હતા તો જે જગ્યા ઉપર રસુલે ખુદા સ૦ બોસા આપતા હતા તે ઠેકાણે ખંજર કેવી રીતે ફરે ?

મનકુલ છે કે શોમર મલઉનને ઝબહ કરતી વખતે ખાતરી થઈ કે રસુલે ખુદા સ૦ બોસા લીધેલા તે આ એજ જગ્યા છે, એ સબબથી ખંજર ફરતું નહીં હતું, શું કહું કેવી દુશમની હતી કે ઝખમાં બદનને ઉંધે મોઢે જમીન ઉપર સુવરાવ્યું અને સરની પાછળની બાજુથી ખંજર ફેરવ્યું. બારમા ઇમામ અ૦ ફરમાવે છે "અસ્સલામો અલલ મઝબુહે મેનલકફા" એટલે એ શહીદ ઉપર સલામ થાય કે જેઓને ગરદનના પાછલા ભાગ તરફની જગ્યા એથી ઝબહ કર્યા.

અલા લઅનતુલ્લાહે અલલ કવમિઝ્ઝાલેમીન.

મજલીસ ૪ થી.

અઝાદારોની ફઝીલત, જન્નતની તારીફ, હઝરત ઇમામે હુસૈન અ૦ નો મોઅજીઝો અને જ૦ અલી અસગર અ૦ ની શહાદત.

હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ ફરમાવ્યું કે તમામ લોક કયામતના દીવસે કયામતની બીકથી રોતા હશે પણ જે શખશ દુન્યાની અંદર મારા દાદા મઝલુમે કરબલા ઇમામે હુસેન અ૦ની મુસીબતમાં રોયો હશે તે શખશ હંસ્તે મોઢે અને થંડી આંખોથી કયામતના મએદાનમાં આવશે.

અને તેજ જનાબે ફરમાવ્યું કે કયામતના દીવસે તમામ લોક બીકના સબબથી નેતરની જેમ ધરૂજતા હશે, અને હીસાબ દેવાની ગડબડમાં ગીરફતાર હશે, પણ ઇમામે હુસેનના અઝાદાર અને માતમદાર તેઓની ખીદમતમાં અરશના છાયાની નીચે આરામથી રેહશે અને હઝરતની મુલાકાતથી કામયાબ થાશે તેટલામાં એક તરફથી રહમતના ફીરીસ્તા તેઓને કેહશે કે અએ અઝાદારાને હુસયેન તમને બશારત અને ખુશખબરી થાય કે તમારા માટે હકતઆલાએ બેહીશતની નેઅમતો તૈયાર કરી છે, માટે હવે ચાલો અને જન્નતમાં

જાઓ અએ હુસેન અ૦ના અઝાદાર અને માતમદારો તમોને જન્નતના બાગની સએર મુબારક થાય, ઇતર અને ખુશબો બેહીશ્તની તમો લગાડો અને ગવારા થાય તમોને ફીરદોસની નેઅમતો અને એ એવી નેઅમતો છે કે હમેશા અને કાયમ રેહશે અને કોઇ દીવસ પણ તે નેઅમતો તમારા પાસેથી ચાલી નહીં જાય, અને હમેશા તેની અંદર જાત જાતની મજા ચાખશો.

તમારા માટે જન્નતના બાગમાં ઝાડ ઉપર મેવા ખુબ લાગેલા ઝુમી રહયા છે, અને તે ઝાડોની ઉપર ખુશ રંગના પંખીઓ ખુશ આવાજથી ગાઇ રહયા છે. અએ અમીરૂલ મોઅમેનીનના મોહીબ્બો અને અએ હુસ૰ અને મઝલુમના અઝાદારો તમને જન્નત ! શેહર મુબારક થાય, અને તે એવા શેહર કે જે શેહરોની છેલ્લી ભીંતો રાતા યાકુતની છે, અને તે શેહરોની જમીન ચોખી ચાંદીની છે, અને તેની અંદરના મહેલ અમુલ્ય મોતી અને લીલા ઝમરૂદના છે અને શરાબે તહુરની નેહરૂ ભરેલી છે.

અને તે નહરો તે મકાનોની અંદર ઠેકાણે ઠેકાણે ઉમદા તરેહની ગોઠવણીથી જારી છે, અને તે નહરોની રેતી ખાલીસ કસ્તુરીની છે, અને મરજાનના ખએમા ઠેકાણે ઠેકાણે ઊભા કરેલા છે, અને કોઇ કોઇ વખતે તે ખએમામાં હઝરતે રસુલે ખુદા સ૦ આવશે, અને તમારી બુઝ૰ રગી અરશેઅલા સુધી પહોંચાડશે.

પછી ઇમામે જાઅફરે સાદેક અ૦ ફરમાવ્યું કે એક તરફથી તો રહમતના મલાએકા એ મુજબની ખુશખબરી આપશે અને બીજી તરફથી હુરઓના પએગામ આવશે કે બેહીશ્તની હુરો અને ગીલમાન ઘણીવારથી તમારી વાટ જુએ છે, અને તમારી મુલાકાતની આરજુ રાખે છે માટે તેઓને પોતાની મુલાકાતથી ખુશી કરો.

પણ આકા ઇમામે હુસેન અ૦ના અઝાદાર પોતાના આકાના દીદારમાં એવાં ગરક હશે અને એવી લીજ્જત ઉઠાવતા હશે કે તે ફીરીશ્તાએને હા ! ના ! નો જવાબ પણ નહીં આપે અને તે પયગામ લાવ્યા હશે તેની સામું પણ નહીં જુએ, કેમકે ઇમામે હુસેન અ૦ ની ખીદમતમાં હાજર રેહવાને જન્નતની નેઅમતો કરતા અફઝલ સમજશે, હાંસલ કલામ પછી ઇમામે હુસેન અ૦ ની સાથે બેહીશ્તમાં દાખીલ થશે.

કેમ મોઅમેનીન આકા ઇમામે હુસેન અ૦ ના અઝાદારની તાઅરીફ સાંભળી ? ખુદા આપણ સરવેને એ આકાની ગુલામી અને અઝાદારોમાં

કબુલ કરે, હવે આકાનો મોઅજીઝો સાંભળો, મનકુલ છે કે એક વખત હઝરતે અલી અ૦ મદાએનથી કુચ કરીને પોતાના લશ્કરની સાથે અસરના વખતે એક જંગલ કે જેની અંદર ખડ અને પાણીનું નામ ન હતું ત્યાં પહોંચ્યા, અને હુકમ કરયો કે લશકર અહીંયાજ ઉતરે અને અહીંયાજ ખએમા ઉભા કરો, આવા ઠેકાણા ઉપર ઉતારો કરવાથી તમામ લશકર હૈરાન અને વીચારમાં હતું, પછી ત્યાંજ રાત ગુજરી ગઇ અને સવાર થઇ, અને હઝરતે ત્યાંથી કુચ કરવાનો હુકમ આપ્યો નહીં તે વખતે અદીબીન હાતીમ નામના શખશે અરજ કરી કે યા હઝરત તમારા ઉપર મારા માબાપ ફીદા થાય શું કારણ છે કે તમો આવા જંગલમાં ઉતર્યા છો ? કે એ જંગલમાં જરા પણ ખડ કે પાણીનું નામ પણ નથી, હઝરત કુરઆને શરીફ પડતા હતા તેથી ફરમાવ્યું કે ખામોશ રહો, અને બીજું કાંઇ બોલ્યા નહીં, વળી થોડો દીવસ ચડયો તો કેટલાંક જણ ભેગા થઇને આવ્યા અને બોલ્યા કે અએ મવલા અગર હવે વધારે રોકાશો તો આ જંગલમાં તમામ લશકર પ્યાસના સબબથી હલાક થઇ જાશે.

આ સાંભળીને હઝરતે ફરમાવ્યું કે મારા નુરેનઝર હુસએનને બોલાવો, જયારે ઇમામે હુસેન અ૦ આવ્યા તો તે વખતે તેઓના હાથમાં એક લાકડી હતી તે લઇને ઉભા થઇ રહ્યા કેમકે તેઓની આદત હતી કે જયાં સુધી હઝરત અલી અ૦ કાંઇ બોલતા નહીં ત્યાં સુધી અદબના સબબથી ચુપ ઉભા થઇ રહેતા હતા.

તે વખતે હઝરતે અલી અ૦ ના ખાસ અસહાબ કોમયલ ઇબનેઝીયાદ નખઇએ અરજ કરી કે અએ કુલના અમીર તમારી આંખોના નુરને શામાટે બોલાવ્યા છે ? તેઓ ઘણીવાર થઇ ઉભા છે.

આ સાંભળીને મવલાએ ઇમામે હુસેન અ૦ ની સામે જોઇને ફરમાવ્યું કે અએ હુસએન નુરે રબ્બુલ મશરેકએન આ લોક પીયાસના સબબથી હલાક થઇ જાશે માટે તેઓને સએરાબ કરો ! ! ! આ સાંભળીને ઇમામે હુસેને પોતાના હાથમાંની લાકડી ભોંય ખોડી દીધી, કુરબાન થઇએ તે મવલાના મોઅજીઝા ઉપર કે તેજ વખતે મજકુર લાકડી તુબાના ઝાડની જેમ મોહટું ઝાડ થઇ ગયું, અને તમામ લશ્કર ઉપર તેનો છાંયો થયો, અને તેને મેવા પણ લાગ્યા, અને ઝાડની નીચેથી એક મોહટો ચશમો જાહેર થયો કે તેનાથી ઘણી નેહરૂ જારી થઇ, અને લશ્કરની અંદર તમામ ઠેકાણે પહોંચી, અને કુદરતે ખુદા અને મોઅજીઝએ ઇમામે હોદાથી તે ઝાડમાં જાત જાતના ઉમદા ઉમદા મેવા લાગ્યા, તમામ લશકરે સએર થઇને મેવા ખાધા અને પોત પોતાની ખુરજીયોમાં ભરી લીધા, અને પાણી પણ ખુબ પીધું અને મશકો ભરી લીધી. (મોઅમેનીન સલવાત પડો.)

પછી જનાબે સાહેબે કવસર ત્યાંથી લશકરને લઇને રવાના થયા, અને તે ઝાડ પણ સાથે ચાલવા લાગ્યું, આ મોઅજીઝાથી તમામ લશકર અજબ હતું, પછી હઝરતે અલીએ ફરમાવ્યું કે અએ ફરજંદ લાકડી જમીનમાંથી કાઢી લીયો, હઝરતના હુકમથી તેજ વખતે ઇમામે હુસેને લાકડી જમીનમાંથી ખેંચી લીધી તો તે ઝાડ અને પાણીનો ચશમો અને નેહર ગાએબ થઇ ગયા, એ બનાવ જોઇને તમામ લશકરની અંદર તકબીર અને તહલીલની આવાજ બુલંદ થઇ,

મોઅમેનીન એનું શું કારણ હતું કે હઝરત અલીએ ઇમામે હુસેન અ૦ ને પાણી પીવરાવાનો હુકમ કરયો ? તેનું કારણ એ હતું કે તે લશકરમાં "કુફા" ના માણસો ઘણા હતા તેથી પોતાના ફરજંદની શહાદતના વખતને યાદ કરીને ઇમામે હુસેન અ૦ ના હાથથી તે કુફીઓને પાણી પીવરાવ્યું કે વખતે અટલા બધા મણુસોમાંથી કોઇપણ એહસાનને યાદ કરીને રોઝે આશુરા (મોહરરમની દસમી તારીખે) મારા ફરઝંદને કે જે વખતે ભુખ્યો અને પ્યાસો "અલઅતશ" "અલઅતશ" ની ફરયાદ કરે તે વખતે રહમ લાવીને પાણી પાય. મોઅમેનીન ! દીલ તો ભરાઇ આવ્યાં હશે પણ જરા સબર કરો કે બીજી એક નકલ બયાન કરીને ગમનું બયાન કરૂં કે આપના દીલ ખુબ ભરાઇ આવે અને જનાબે ફાતેમાહ અ૦ ની રૂહ તમારાથી રાજી થાય, આહ આહ આ એહસાન કરવાને વખતે ઝાઝી મુદત સમજીને મલઊનોએ ભુલાવી આપ્યું હશે, પણ અફસોસ તાજા એહસાનનો પણ ખીયાલ કરયો નહીં, તે એ કે જે વખતે તે નાપાકો બેવફાઓના બહુજ આગ્રહના બોલાવવાથી આકા ઇમામે હુસેને ઇરાકનો સફર કર્યો, પોતાના નાના, ભાઇ, અને માની કબર અને ઘરબાર છોડીને ગયા, તો રસ્તામાં "હુર" લશકર લઇને મળ્યો, અને તે વખતે હુરના લશકરમાં પાણી ખલાસ થઇ ગયું હતું, અને પ્યાસના સબબથી હુરનું લશકર બહુજ સખતીમાં હતું એટલે સુધી કે પીયાસના સબબથી ઘોડાઓની જીભ બાહેર નીકળી પડી હતી, જયારે ઇમામે ગરીબુને કરબલાએ જોયું કે હુરના લશકરનો પીયાસના સબબથી અજબ હાલ છે તેથી પોતાના અસહાબોને ફરમાવ્યું કે અએ લોકો જુઓ હુરના લશકરનો કેવો હાલ છે ! તમો તેઓને સેરાબ કરો, એટલું કહીને હઝરત પોતે અને હ૦ અબ્બાસ અ૦ અને અલી અકબર અ૦ ઉભા થઇ પાણી પાવરાવવામાં મશગુલ થયાં. અને હઝરતના અસહાબો પાણીના થાળા ભરી ભરીને ઘોડાઓની પાસે લઇ જતા હતા, અને જયારે ત્રણ ત્રણ ચાર ચાર વખત તે ઘોડાઓ મોઢું ફેરવી લેતા તે વખતે બીજા ઘોડા પાસે થાળો લઇ જતા હતા, એટલે સુધા કે હઝરતે જેટલું પાણી મનઝીલે શરાફથી લીધું હતું તે તમામ ખલાસ થઇ ગયું,

હેમ મોઅમેનીન હવે રોશો અને ગીરયાવઝારી કરશો કે ખુદા કુરઆનમાં

ફરમાવે છે. કે “ હલ જઝાઉલ એહસાન ઇલ્લલ એહસાન ” યાને એહસાનનો બદલો એહસાન છે. હાય અફસોસ કુફાવાળા મુસલમાન પણ હતા અને કુરઆનના કારી પણ હતા, પણ રોઝે આશુરા જે વખતે હજારો કુફી અને શામીઓની વચમાં મઝલુમે કરબલા જનાબે ઇમામે હુસેનના નાના નાના બચ્ચાં પાણી પાણીની ફરીયાદ કરતા હતા તોપણ તે બેદીનોએ પાણીનો એક કતરો પણ આપ્યો નહીં, એ છતાં કે “ ફુરાત ” નદી જે આંખોની સામે મોજા મારતી હતી તે જનાબે ફાતેમાહ અ૦ ના મહરમા હતી, તેના ઉપર હજારો માણસોની ચોકી હતી કે તમામ ઇનસાન અને હયવાન તો પાણી પીએ પણ આકા ઇમામે હુસેનના ખએમમાં જરા પણ જવા ન પામે.

મનકુલ છે કે જ્યારે ઇમામે હુસેન અ૦ના તમામ અસહાબ અને સગાઓ શહીદ થઇ ગયા અને કોઇ બાકી રહ્યું નહીં તે વખતે મલાઈનોએ એકલા જોઇને ચારે તરફથી હઝરતને ઘેરી લીધા, અને તલવારો અને નેઝા ખેંચી ખેંચીને સામે ગયા, આહ આહ મોઅમેનીન રોવો કે આકાએ પાણી પીવરાવેલ તે એહસાનનો બદલો થાય છે, આ હુમલો જોઈને હઝરતે કમર સીધી કરીને લડવાનો ઇરાદો કર્યો, ત્યાં એકાએક ખએમાની અંદરથી એવી આવાજ આવી કે જેમ કોઇ મઇયત ઉપર રોવે છે, એ આવાજ સાંભળીને હઝરત ખએમામાં ગયા, હાય એકલી જાન ઉપર કેટલી આફત કે રોઝે આશુરા સવારથી એકની બાદ એક રનમાં જઈને શહીદ થતો અને હઝરત પોતે આંખોની સામે જોતા અને એક એકની લાશને ઉપાડી ઉપાડીને લાવતા હતા અને રોતા હતા, હાય એ મઝલુમની મુસીબત શું પુછવી ! પછી જોયું કે અલી અસગરની મા નાના બચ્ચાને નેહાલચા ઉપર રાખીને ઉભી ઉભી રોવેછે, અને તે નાનું બચ્ચું પીયાસને લીધે મોઢું ઉઘાડીને ગરદન ઢળી ગીએલી ચેહરા ઉપર મોતની નીશાની થીએલી પડેલ છે, અને તેની ફરતી તમામ બીબીઓ અને બચ્ચાંઓ માથું અને છાતી કુટી કુટીને રોવે છે.

આ હાલ જોઇને ઇમામ પણ બેઇખતીયાર થઇને રોવા લાગ્યા, અને જનાબે ઝએનબને ફરમાવ્યું કે અએ બેન હું પાણી કયાંથી લાવું શું કરૂં ! પણ એક તદબીર ધ્યાનમાં આવે છે કે આ બચ્ચાને મને આપો હું મએદાનમાં લઇ જાઉં અને ઝાલીમોને બતાવું વખતે આ બચ્ચાની અવી સુરત જોઇને કોઈ બેરહમને રહમ આવી જાય, અલગરઝ હઝરતે તે નાના માઅસુમને પોતાના ખોળામાં લીધો અને ગરમીથી બચાવા માટે

બાનો છેડો હાંકી દીધો, અને મએદાનમાં લાવીને દુશમનની ફોજની સામે ઉભા રહયા અને બોલ્યા કે "અમાસીન મોઝીરીન યોઝીરોના, અમાસીન યોગીસીન યોગાસોના" એટલે અએ લોકો આ લાખો માણસોમાં કોઇ એવું છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ની ઇતરતને પનાહ આપે ? અરે તમારામાં કોઇ એવું છે કે નબીના નવાસાની ફરયાદને પહોંચે ?

પછી ફરમાવ્યું કે અએ લોકો શું તમારામાં કોઈ સાહેબે ઓલાદ નથી ? તમને કોઇને ફરજંદ નથી ? અરે તમને કોઇને ખુદાનો ખોફ નથી ? અરે આ વહેતી નદીમાંથી આ છ મહીનાનાં બચાંને એક ઘુંટડો પાણી પીવરાવે કે તેનો જાન બચી જાય, અલ્લાહ અલ્લાહ એ કેવા સંગ દીલ હતા કે કોઇએ કાંઇ જવાબ તો આપ્યો નહીં પણ કોઇ મોહું ફેરવીને કોઇ નીચું જોઇને રોવા લાગ્યું, મજકુર રીવાયતનો રાવી લખે છે કે તે વખત સુધાં અલી અકબર શહીદ થયા નહુતા, તેથી તેઓ બેચએન થઇને પોતાના બાપ પાસે આવ્યા અને અરજ કરી કે અગર મને રજા આપો તો કોઇ પણ રીતથી પાણી લાવું, હઝરતે ફરમાવ્યું કે જાઓ ખુદા તમારા ઇરાદામાં બરકત આપે. રજા મળવાથી અલી અકબર એક ડોલચી લઇને ફુરાતને કીનારે ગયા, કેટલાંક મલાઇનો આડા પડયા પણ એ સરવેને દફે કરીને જેમ તેમ કરી પાણી લાવ્યા અને કહ્યું કે અએ બાવાજાન પાણી હાજર છે અલી અસગરને પીવરાવો અને જે વધે તે મારા અંગ ઉપર છાંટો કે હું પણ પીયાસથી બેચએન છું. (કેવા વફાદાર કે નદીમાં ગયા પણ પોતે પાણી પીધું નહીં કેમ પીયે પોતનો નાનો ભાઇ અને બાપને તરસા મુકીને પણી કેમ ગળે ઉતરે ?) હાંસલ કલામ ઇમામ હુસેન રોવા લાગ્યા અને અલી અસગરને ખોળામાં લઇને પણી પીવરાવાનો વીચારે કરયો, અને ડોલચી પાસે લઈ ગયા, અને બચ્ચાએ પાણીની ઠંડકથી આંખો ઉઘાડીને પાણી પીવાનો ઇરાદો કરયો ત્યાં આહ આહ એક મલઉને એવું ઝેર ભરેલું તીર માર્યું કે તે બચ્ચાના ગળામાં પેસી ગયું, અને બચ્ચું બાપના ખોળાના હીચકી લઇને શહીદ થઈ ગયું, અએ મોઅમેનીન રોવો અને આંસું કાઢો હાય એ બાપનો શું હાલ થયો હશે ?

અલા લઅનતુલ્લાહે અલલ કવમિઝ્ઝાલેમીન.

——–○○;○○○‡○○——–

મજલીસ ૫ મી.

દોઝખીઓ બદ શીકલ થઈ જશે તે વિષે આયત, અબ્દુલ્લાહની હીકાયત, જહન્નમના સાત દરવાજા છે તે વિષે બીજી આયત, એક ઝઇફાની હીકાયત, ઇમામે હુસયન અ૦ની મજલીસની બરકતથી બીમારોને શીફા મળવી, અને એક ઓરતે મજલીસમાં હંસવું, શીરીની રીવાયત ઉપર ખાતેમો.

પરવરદીગારે આલમ સુરએ મોઅમેનુનમાં દોઝખીયોના હકમાં ફરમાવે છે કે દોઝખની આગ તેઓના ચેહરાને એવા બાળશે કે તેઓ બદશીકલ થઇ જશે.

માલીકે દીનારથી મનકુલ છે કે અબદુલ્લાહ જેનો લકબ ગુલામ હતું તે શુરૂ ઉમરમાં બહુજ ફાસીક તથા ફાજીર હતો, તે એક દીવસ બજારમાં ચાલ્યો જતો હતો જોયું કે એક શખસે બકરાની મુંડી ચુલામાંથી કાઢી તો ચામડી બળી જવાથી તેના હોઠ ખેંચાઇ ગયા હતા અને દાંત બાહેર નીકળી આવ્યા હતા, એ મુજબ જોઇને તેને દોઝખીઓનો દેખાવ યાદ આવી ગયો કે રખેને તેનો પોતાનો ચેહરો પણ બળીને એ મુજબ બદસુરત થઇ જાય તેથી એક નાઅરો માર્યો અને ત્રણ દીવસ સુધી બેહોશ પડયો રહયો, જયારે હોશમાં આવ્યો ત્યારે પોતાના ગુનાહથી તોબા કરી અને મોટો આબીદ અને પરહેઝગાર થઇ ગયો.

મોઅમીનીન જ્યારે કુરઆનમાંથી કોઇ અઝાબ વીશેની આયત પડે અથવા તો બીજા કોઇને પડતાં સાંભળે તો તે વખતે ખુદાના ખોફથી ડરવું જોઇએ અને પોતાના ગુનાહથી તોબા કરે અને આયંદા એવા નેક અમલ બજાવી લાવે કે જેના સબબથી હકતઆલા ખુશનુદ અને રાજી થઇને બખશી આપે.

અને હકતઆલા સુરએ હજરમાં ઈર્શાદ ફરમાવે છે આય ઇબલીસ જાણ કે ખરેખર તારા તાબેદારોની વાયદાની જગ્યા જહન્નમ છે, તેમાં સાત દરવાજા છે અને દરેક દરવાજો દરેક ફીરકા માટે મુકરરર કરેલો છે.

સાહેબે તફસીરે મનહજુસસાદેકીન લખે છે કે એક દીવસ જનાબે રસુલે ખુદા સ૦ એકલા મસજીદમાં નમાઝ પડતા હતા, બનવાકાળ અરબની એક ઓરત ત્યાંથી નીકળી અને હઝરતને નમાઝ પડતા જોઇને આપની પછવડે જમાઅતની નમાઝ પડવા લાગી અને આપને એ ખબર નહતી, સુરએ હમ્દની પછી એજ સુરએ હજર પડવો શુરૂ કરયો, જ્યારે આ આયત સુધી પહોંચ્યા ત્યારે એ ઓરતે એક નાઅરો માર્યો અને બેહોશ થઇને પડી ગઇ.

હઝરત નમાઝ પડી રહ્યા તો જોયું કે એ ઓરત ગશમાં પડેલી છે તેથી તેણીના મોઢા ઉપર પાણી છાંટયું, જયારે તેણી હોશમાં આવી ત્યારે પુછયું કે શું સબબથી તને ગશ આવ્યો ? તેણીએ અરજ કરી યા રસુલલ્લાહ આપને નમાઝ પડતાં જોઇને હું પણ આપની સાથે નમાઝ પડવા લાગી, મગર આપ જયારે આ આયત સુધી પહોંચ્યા "વઇન્ન" (તે છેલ્લે સુધી) ત્યારે હું બેતાબ થવાથી મને ગશ આવી ગયો એમ કહીને ફરીયાદ કરવા લાગી, અરે હાય મુસીબત મારા શરીરનો એક એક અવયવ જહન્નમના સાતે દરવાજા ઉપર વહેંચાઇ જશે, હઝરતે ફરમાવ્યું એમ નહીં બલકે તેનો મતલબ એ છે કે દરેક ફીરકાને ગુનાહના પ્રમાણમાં જહન્નમના દરવાજાઓમાના એક દરવાજા ઉપર અઝાબ કરશે.

તેણીએ અરજ કરી યા રસુલલ્લાહ હું ગરીબ છું, મારી પાસે દુન્યાના માલમાંથી ફકત સાત ગુલામ શીવાય બીજુ કાંઇ નથી, તો આપને ગવાહ રાખું છું કે એ સાતે ગુલામને ખુદાની રાહમાં આઝાદ કરી આપું છું એટલે કે હકસુબહાનહુવઆલા જહન્નમના સાતે દરવાજાથી મને નજાત આપે.

ફવરન જીબરઇલ નાઝીલ થયા અને અરજ કરી યા રસુલલ્લાહ એ ઓરતને ખુશખબરી આપો કે ખુદાએ રહમાનો ગફ્ફારે જહન્નમના સાતે

દરવાજા તેણી ઉપર હરામ કર્યા અને બેહેશ્તના દરવાજા તેણી માટે ખોલી આપ્યા.

હઝરત આ ઝઇફાથી તો એક નેક અમલ પણ થયો કે જેનાથી સાત બંદા ગુલામીમાંથી આઝાદ થઇ ગયા અને ખુદ એ ઓરત પણ જહન્નમના કયદખાનાથી આઝાદ થઇ, પણ અમારી પાસે તો ગુનાહના અમલ શીવાય કોઇ નેક અમલ નથી, તેણી એક વખત અઝાબના ખૌફથી રોઇ, જેના સબબથી જન્નતની ખુશ ખબરી પામી, મગર અમોને દુનીયાના હીરસે એવી રીતે ઘેરી લીધેલાં છે કે ખુદાના અઝાબથી બીલકુલ બેપરવા થઇ ગયા છીએ અને જે સાહેબો ઇ૦ એ અઝાબથી અમોને બચાવશે તેઓની મોહબ્બતમાં પણ ભરપુર રહેતા નથી અને ભરપુર મોહબ્બતથી મતલબ એ છે કે તેઓએ અમારે માટે જે જે ગમ અને મુસીબત ઉઠાવી છે તેને યાદ કરીને હમેશા રોવે કે તે રોવું આખેરતનો સવાબ અને અઝાબથી હીફાઝત ઉપરાંત દુનીયામાં પણ અમારી મુશકીલો દફે કરે છે અને તમામ સખતી તથા બીમારી દુર થઇ જાય છે.

ચુનાંચે કીતાબ બહરૂલ બુકામાં મરકુમ છે કે જનાબે હ૦ ઇમામે ઝયનુલ આબેદીન અ૦ ની ખીદમતમાં એક શખસ હાજર થયો અને અરજ કરી યા રસુલલ્લાહ મારા ઘરમાં કેટલાએક બીમાર છે અને દવા કરવા છતાં કાંઇ અસર થતો નથી તેથી તેઓની જીંદગીથી કંટાળી જઇ બહુજ પરેશાન છું, હઝરતે ફરમાવ્યું મારા પદરે બુઝરગવાર હ૦ ઇમામે હુસયન અ૦ ની અઝાદારી કેમ કરતો નથી ! કે એ મઝલુમની મુસીબતમાં રોવું તે દરેક દરદથી શફા પામવાનો સબબ છે.

એવો ફાયદા ભરેલો હુકમ સાંભળીને પોતાને ઘરે ગયો અને અઝાદારીની મજલીસ બરપા કરી, માણસો ભેગા થયા અને ઇમામ અ૦ ની મુસીબત ઉપર બુહજ રોયા, ઘરધણી કહે છે કે એકઠા થયેલા લોકોમાં એ બીમારો શીવાય એક આંધળો પણ હતો, મજલીસ બાદ જયારે હું બીછાના ઉપર સુઇ ગયો ત્યારે સ્વપનામાં જોયું કે એ આંધળાની આંખો દેખતી છે, તેણે મને ઓળખીને સલામ કરી, મેં પુછયું કેવી રીતે તું દેખતો થઇ ગયો ? કહ્યું એએ ઇમામે હુસયન અ૦ ની મજલીસ કરવાવાળા મારો અજ્ર હાલ છે, મેં સ્વપનામાં જોયું કે જાણે હું એજ મજલીસમાં બેઠોછુ એટલામાં લીલા પોશાકવાળા એક બુઝરગવાર કાળા પોશાકવાળા એક મોઅઝ્ઝમાનો હાથ પકડીને તશરીફ લાવ્યા, પછી એ બીબી જેણે માતમી લીબાસ પહેર્યો હતો તેણે તેઓને કહ્યું આપ મારા હુસયન ઉપર રોવાવાળા માટે દોઆ કરો કે જે બીમાર હોય તે શીફા પામે, એ પાક શખસે દોઆ કરી અને એ મખદુમાએ

આમીન કહી કે તરતજ એક જુએ આંખોને ફેરી લીધા અને તમામ બીમારોને શફા મળી અને હું દેખતો થઇ ગયો, એ બીબીએ કહ્યું ખરેખર આ આંધળાની આંખોમાં નુર આવી ગયું પણ તે અઝાદારીની મજલીસમાં નહીં હતો, એ બુઝરગવારે ફરમાવ્યું મેં તમામ માટે દોઆ કરી તે વખતે શરમ આવી કે તે એ મજલીસમાં બેઠો હોય અને તેને માટે દોઆ ન કરૂં !! તે વખતે હું એ બુઝરગવારના કદમ મુબારક ઉપર પડી ગયો અને બોસા દઇને અરજ કરી આપ ખુદાના માનવંત બંદા કોણ છો ? અને એ બીબી કોણ છે ? ફરમાવ્યું તું જે હુસયનની મજલીસમાં આવેલછો તે હુસયન મઝલુમનો બાપ અલી બીન અબીતાલીબ છું અને એ એ બેકસની માદરે આફ્ત રસીદહ ફાતમએ ઝેહરા છે.

સાહેબે મઝહરૂલ અઅજાઝે મોહમ્મદ અસકરી બીન મુલ્લા હુસનથી રીવાયત કરી છે, તે કહે છે કે મારી વાલેદા પહેલે પોતાના બાપ દાદાના દીન ઉપર હતી, તે પછી જાઅફરી તરીકો ઇખતીયાર કર્યો અને અહલેબયતને અ૦ ની મોહબ્બત તેણીના દીલમાં એટલી બધી પયદા થઇ કે હર વખત અઇમ્મે માઅસુમીન અ૦ ના નામનો વીરદ તેણીની જબાન ઉપર રહેતો હતો, છેવટે પોતાના બાપદાદાના દીનથી ફરી જવાના સબબથી પોતાની કોમ કબીલાથી મળવું છોડી દીધું.

એક દીવસ મેં તેણીને મઝહબ છોડી આપવાનો સબબ પુછયો, તેણીએ કહ્યું એક વખત મોહરરમમાં આપણા મોહલ્લાની ઓરતોના તાઝીયાખાનામાં મારૂં જવું થયું, એક અઝાખાનામાં જોયું કે ઓરતો માતમ કરી રહી છે, કયારેક હાય હુસયન કયારેક વાય હુસયન કહી કહીને માથું અને છાતી કુટી રહી છે, મેં તેઓની એવી હાલત જોઇને મારા ખરાબ એઅતેકાદને લીધે હું બહુ જોરથી હંસી, એ હંસવાની હાલતમાં હું એવી બેહોશ થઇ ગઇ કે મને મારા હાલની બીલકુલ ખબર રહી નહીં, મને એ પણ ખબર પડી નહીં કે મને કોણ અને કયારે અને કેવી રીતે ઉઠાવી લાવ્યું, એ બેહોશીમાં શું જોઉં છું કે કેટલાક બીહામણી શીકલવાળા જોવામાં આવ્યા, કોઇએ મારા હાથ કોઇએ મારૂં કપડું પકડયું અને ખેંચતા ખેંચતા એક તાઝીયાખાનામાં લઇ ગયા, એ તાઝીયાખાનાની બાજુમાં એક મસજીદ હતી અને તેના દરવાજા ઉપર બહુજ ઉમદા પરદો લટકાવેલો હતો.

એ પરદાની અંદરથી અવાજ આવી કે આ કેવી બેશરમીની વાત છે કે જે વખતે તમામ જીન તથા ઇનસાન તથા મલાએકા તથા જમીન અને આસમાન રોવે છે તે વખતે તું અવાજથી હંસે છે ? હા તેને લઇ જાઓ અગર તે પોતાના ખરાબ એઅતેકાદ તથા બેઅદબીની હરકતથી તવબા ન કરે તો જહન્નમમાં નાખી આપો, પછી એ લોકો વળગી પડયા અને મને સાંપેના પહાડ

તરફ લઇ ચાલ્યા, ખરેખર એ પહાડ છે? [illegible] તની ગરમી મને બાળવા લાગી ત્યાં તો ખોફ થયો કે તેથી તવબા અને ઇસ્તોગફાર કરવા લાગી, અને એ અઝાબ કરવાવાળાઓને આજીજી સાથે કહ્યું એક વખત પાછી મને એ પરદાની પાસે લઇ ચાલો અને શફાઅત કરો કે મારી તકસીર માફ થાય.

તેઓએ કહ્યું અએ બદબખ્ત તું જાણે છે કે એ પરદાની અંદર કયા ખાતુને મોઅઝ્ઝમા છે ? અએ ગાફીલ તેઓ " ખાતુને જન્નત પયગમબરની સાહેબઝાદી હુસયનની વાલેદા જનાબે સય્યદાહ અ૦" છે હઝરતનું પાક નામ સાંભળતાંજ મેં બહુજ આજીજી અને રોઇને તેઓને કહ્યું હવે હું ખરા દીલથી તવબા કરૂં છું, અને મારા ખરાબ એઅતેકાદથી બેઝાર થઇને હઝરતની કનીઝીમાં દાખલ થાઉં છું, તેઓનો વાસ્તો આપું છું કે એક વખત ફરીથી મને તેઓની પાસે લઈ ચાલો એટલે હું હીદાયત પામું.

હાંસલ કલામ મને ફરીથી ત્યાં લઇ ગયા અને હાલ અરજ કરયો, પરદાની અંદરથી આવાઝ આવી ખરેખર તેણીએ દીલથી તવબા કરી છે, તેણીને લઇ જાઓ અને તેણીનું ઝાહેર અને બાતીન ધોઇને પાક કરીને લાઓ, પછી એ લોકો મને એક ચશમા ઉપર લઈ ગયા અને ગુસલ આપવા પછી મારૂં પેટ ચીરીને દીલ તથા જીગરને ધોઇને મને પાછી એ મસજીદના દરવાજા ઉપર ઉપર લઈ ગયા, તે વખતે હુકમ થયો કે તેણીને હવે મુકી આપો તે વખતે મેં ફરીયાદ અને આજીજી કરી અએ " મખદુમએ કવનૈ ! " જ્યારે આપે આ લોંડીને આપની કનીઝીમાં દાખલ કરી છે તો હવે એટલી ઉમેદ છે કે આપના દીદારથી મને બેનસીબ ન રાખો, હુકમ થયો કે આવવા દયો, પછી અંદર જઇને મેં જનાબે " ફાતેમા " અ૦ ની ઝીયારત કરી.

બહુજ મહેરબાની સાથે મને ફરમાવ્યું કે કયામતના દીવસે બેહીશતમાં આ નેકબખતીનું હાંસલ થવું મવકુફ હતું, પણ તારે માટે એટલી આતુર હતી કે એ નેઅમત તને અહીંઆં હાંસલ થઇ.

હાંસલ કલામ આ મોટી નેઅમત મને હાંસલ થવાથી એટલી ખુશી થઇ કે ઉંઘમાથી જાગી ઉઠી અને જોયું કે મારા ઘરની ઓરતો તથા મોહોલ્લાની એ ઓરતો કે જેની સાથે હું અઝાખાનામાં ગઇ હતી તેઓ મને ઘેરીને પરેશાન હાલતમાં બેઠી છે, કોઇ કાંઇ ઇલાજ કરવાની ફીકરમાં છે, કોઇ દોઆ પઢી રહી છે, મેં એ તમામને દીલાસો આપ્યો, અને એ દીવસથી હું આ એ મઝહબ ઉપર છું.

મોઅમેનીન એ ઓરત " હ૦ ઇમામે હુસયન " અ૦ ની મુસીબત સાંભળીને એક [illegible]ત હંશીથી તો કેટલે દરજે જનાબે સય્યદાહ તેણીથા નારાજ થયા ! છેવટે તવબા કરવા વીના નજાત પામી નહી, ખ્યાલ કરો એ માઅસુમા કેટલા બધા ગમગીન થયા હશે કે એ લોકોમાંથી જેઓએ એજ હુસેનને એ મુસીબતોમાં ગીરફતાર કર્યા અને અહલેબયતને બેવારસ કરીને તેઓના

ગમમાં તમામ ઉમર સુધા ૨૦. અને જ્યારે એ મુસીબતવાળાઓને રોતા દેખતાથા તો હંસતાથા, અય ફલક શું તને એમજ મંજુર હતું !

હઝરાત અગર ખ્યાલ કરીને જુઓ તો એ ખુદાના પ્યારાઓને હમેશા ગમગીન રાખ્યા એટલે સુધી કે તેઓની કનીઝોનું પણ ખુશી અને મગરૂર થવું ગવારા ન થયું.

સાહેબે " મોહીતુલ અઝા " લખે છે કે જનાબે " શહેરબાનુ " ની કનીઝોમાંની એક શીરીન નામની કનીઝ બહુજ ખુબસુરત આંખવાળી અને મીઠી જબાન વાળી હતી, એક દીવસ જનાબે " ઇમામે હુસયન " અ૦ ફમીજ તરીકે તેણીની આંખોની તારીફ કરી, જનાબે શહેરબાનું સમજ્યા કે શાયદ હઝરતને પસંદ આવીછે તેથી તેખતે શીરીનને ઉમદા લીબાસ અને ઝેવર પહેરાવીને ઇમામ આલી મકામ પાસે નઝર કરી, આપે તેણીને ખુદાની રાહમાં આઝાદ કરી દ.ધી, થોડા દીવસ પછી " ઝે.રૈર " ઇસકીલાની સાથે તેણીના નીકાહ કરી આપ્યા.

જ્યારે તેણી આપની ખીદમતમાંથી રૂખસત થવા લાગી ત્યારે રો ને અરજ કરી અય આકા આ મુબારક કદમની ઝીયારત ફરીથી મને કયારે નસીબ થશે ? હઝરતે ફરમાવ્યું ખરેખર હું એક દીવસ અહલો અયાલ સહીત તારે ઘરે આવીને મેહમાન થઇશ અને એ વાયદો મારૂં સર હોવાની શરતનો છે એમ ફરમાવીને આપ ચુપ થઇ ગયા, પણ આ કલામના છુપા ભેદની જાણ કરી નહીં એટલે સુધી કે શીરીન પોતાના શવહરને ઘરે ગઇ અને એક પહાડ કે જેનુ નામ " માઅમુરા " હતું તે ઉપર જઇને રહી, અને એ દીવસથી ઇમામ અ૦ ના વાયદાની બરાબર રાહ જોયા કરતી હતી, હવે "મોઅમેનીન" સાંભળો કે હઝરત પોતાનો વાયદો કેવી રીતે શીરીન સાથે વફા કરે છે! લખેલુ છે કે જ્યારે શામી ફોજ ઇમામ અ૦ ની શહાદત પછી ખયમા બરબાદ કરને ફારીગ થઇ ત્યારે શોહદાઓના સર નેઝા ઉપર ચડાવીને અને અહલેબયતે અતહારને રસીથી બાંધીને વગર અમ્મારી વાળા ઉંટો ઉપર સ્વાર કરીને મનઝીલ દર મનઝીલ મુકામ કરતા કરતા " યઝીદ " ની હુકુમત તરફ રવાના થયા એટલે સુધી કે માઅમુરા નામનો પહાડ જેની ટોચ ઉપર શીરીન રહેતી હતી, એક દીવસ એ પહાડની નીચે એ દુશમનોના લશકરે મુકામ કર્યો, એજ રાતરે શીરીને સ્વપનામાં જોયું કે હઝરત વાયદા મુજબ અહલેબયતે અતહાર સહીત મારે ઘરે મહેમાન થયા છે એવું સ્વપનું જોયું તો ખુશીના સબબથી જાગી ઉઠી અને પોતાના શવહરને જગાડીને કહેવા લાગી મેં હમણા સ્વપનામાં જોયુ કે હ૦ ઇમામ હુસયન અ૦ પોતાના વાયદા મુજબ વાયદો વફા કરવા તશરીફ લાવ્યા છે તેથી જલદી ઉઠને પહાડ નીચે જઇને જોયું કે હઝરત કઇ તરફ તશરીફ રાખે છે?

એવું સાંભળીને ઝે.રૈર ફવરન પહાડની નીચે ઉતરીને ચાલયો, અને શીરીનને હજી ખબર નહીં પડી હતી કે પોતે પણ શોખના જોશમાં બેતાબ થઇને